dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 317 | AD - 2025, Sravan Vad-((0 | Saturday, Dt.23-08-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારમાં ૧૩ હજાર કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કર્યું

# જેલમાં બંધ રહેનારાઓને સરકાર ચલાવવાનો કોઈ અધિકાર નથી : મોદી

(એચ.એસ.એલ),પટણા,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે બિહારમાં ૧૩ હજાર કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કર્યું. આ સાથે બે ટ્રેનોને લીલી ઝંડી આપવામાં આવી. જાહેર સભાને સંબોધતા પીએમએ મગહી ભાષામાં પોતાનું ભાષણ શરૂ કર્યું. આ દરમિયાન તેમણે કહ્યું કે હું લોકોના સેવક તરીકે કામ કરીને ખુશ છું. આ સાથે તેમણે આરજેડી પર પણ જોરદાર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે આરજેડીના ફાનસ રાજે બિહારને લાલ આતંકમાં ફસાવી દીધું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા કાયદા વિશે વાત કરતા કહ્યું કે એવો કાયદો બની રહ્યો છે, જેમાં મુખ્યમંત્રી અને પીએમ બધા જ કાર્યક્ષેત્રમાં આવશે. જો ૩૦ દિવસમાં જામીન નહીં મળે, તો તેમને ૩૧મા દિવસે ખુરશી છોડવી પડશે. જેલમાં રહીને સરકાર ચલાવવાનો કોઈને અધિકાર નથી. જે પણ જેલમાં જશે તેને ખુરશી છોડવી પડશે. હવે ભ્રષ્ટાચારી જેલમાં જશે અને ખુરશી પણ.

તેમણે કહ્યું કે મને લોકો માટે તેમના સેવક તરીકે કામ કરવામાં સૌથી વધુ ખુશી થાય છે. મારો સંકલ્પ છે કે જ્યાં સુધી દરેકને કાયમી ઘર ન મળે ત્યાં સુધી મોદી શાંતિથી નહીં બેસે. આ વિચાર સાથે, છેલ્લા ૧૧ વર્ષમાં ૪ કરોડથી વધુ ગરીબ લોકોને કાયમી ઘર આપવામાં આવ્યા છે. પીએમએ કહ્યું કે એકલા બિહારમાં ૩૮ લાખથી વધુ ઘર બનાવવામાં આવ્યા છે. આ સાથે, ગયાજીમાં ૨



લાખ લોકોને ઘર મળ્યા છે. અમે ફક્ત ચાર દિવાલો જ નથી આપી, પરંતુ ગરીબોને આત્મસન્માન પણ આપ્યું છે. પીએમ આવાસ યોજના દરેક ગરીબને ઘર ન મળે ત્યાં સુધી ચાલુ રહેશે.

આ વખતે બિહારમાં દિવાળી અને છઠ્ઠ પૂજા પહેલા કરતા વધુ જીવંત રહેશે, પીએમ આવાસ યોજનામાં જે લોકો રહી ગયા છે, હું તેમને ખાતરી આપું છું કે પીએમ આવાસ યોજના દરેક ગરીબને તેનું કાયમી ઘર ન મળે ત્યાં સુધી ચાલુ રહેશે.

તેમણે કહ્યું કે આ ભૂમિ આધ્યાત્મિકતા અને શાંતિની ભૂમિ છે. આ તે પવિત્ર ભૂમિ છે જ્યાં ભગવાન બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું હતું. ગયાજી પાસે ખૂબ જ સમૃદ્ધ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો છે. અહીંના લોકો ઈચ્છતા હતા કે આ શહેર ગયા નહીં પણ ગયાજી કહેવાય. હું બિહાર સરકારને આ નિર્ણય માટે અભિનંદન આપું છું. મને ખુશી છે કે બિહારની ડબલ એન્જિન સરકાર ગયાજીના ઝડપી વિકાસ માટે સતત કામ કરી રહી છે.

પીએમ મોદીએ કહ્યું કે આજે બિહારને ૧૩ હજાર કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સની ભેટ મળી છે. મિત્રો, મારો એક મોટો સંકલ્પ છે કે મોદી દરેક જરૂરિયાતમંદ વ્યક્તિને કાયમી ઘર ન મળે ત્યાં સુધી આરામ નહીં કરે. આ વિચાર સાથે, છેલ્લા ૧૧ વર્ષમાં ચાર કરોડથી વધુ ગરીબ લોકોને કાયમી ઘર આપવામાં આવ્યા છે. એકલા બિહારમાં ૩૮ લાખથી વધુ ઘર બનાવવામાં આવ્યા છે. ગયા જિલ્લામાં પણ બે લાખથી વધુ પરિવારોને તેમના કાયમી ઘર મળ્યા છે. અમે માત્ર ચાર દિવાલો જ નહીં પરંતુ ગરીબોને આત્મસન્માન પણ આપ્યું છે. આ ઘરોને વીજળી, પાણી, ગેસ કનેક્શન અને શૌચાલય પણ આપવામાં આવ્યા છે. એટલે કે ગરીબ પરિવારોને સન્માન સાથે જીવવાની ગેરંટી પણ મળી છે.

# સુપ્રીમનો ચૂંટણી પંચને નિર્દેશ : જેના નામ મતદાર યાદીમાંથી કાઢી નખાયા છે તેઓ ઓનલાઈન અરજી કરી શકશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૨

સુપ્રીમ કોર્ટે શુક્રવારે એસઆઈઆર સામે દાખલ કરેલી અરજીઓની સુનાવણી કરી. આ સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો કે જેમના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે તેઓ ઓનલાઈન અરજી કરી શકે છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે અરજદારોને ૧૧ અન્ય દસ્તાવેજો સાથે આધાર કાર્ડ સાથે અરજી કરવાની મંજૂરી આપી.




સુપ્રીમ કોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે રાજકીય પક્ષો મતદાર યાદીમાંથી બાકાત કરાયેલા ૬૫ લાખ લોકોના નામ પર વાંધા નોંધાવવા માટે આગળ નથી આવી રહ્યા? સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષોની નિષ્ક્રિયતા પર આશ્ચર્ય વ્યક્ત કર્યું. સુનાવણી દરમિયાન, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાર યાદીમાં ૮૫ હજાર નવા મતદારો ઉમેરવામાં આવ્યા છે. ઉપરાંત, ચૂંટણી પંચે કહ્યું કે રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો દ્વારા અત્યાર સુધીમાં ફક્ત બે વાંધા નોંધાયા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોઈપણ વ્યક્તિ જાતે અથવા રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટોની મદદથી ઓનલાઈન અરજી કરી શકે છે અને તેમને ફોર્મ ભૌતિક રીતે સબમિટ કરવાની જરૂર નથી. કોર્ટે કહ્યું કે અરજીમાં ફોર્મ ૬ સાથે, અરજદાર આધાર કાર્ડ સહિત ૧૧ દસ્તાવેજોમાંથી કોઈપણ સબમિટ કરી શકે છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે બિહારના તમામ ૧૨ રાજકીય પક્ષોએ તેમના પક્ષના કાર્યકરોને લોકોને મદદ કરવા, તેમને જાગૃત કરવા સૂચનાઓ જારી કરવી જોઈએ, જેથી મતદાર યાદીમાંથી તેમનું નામ કાઢી નાખવામાં આવે તો લોકો ઓનલાઈન અરજી કરી શકે.

# પકડાયેલા કૂતરાઓને નસબંધી અને રસીકરણ પછી છોડી દેવામાં આવશે : સુપ્રીમ કોર્ટ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૨

સુપ્રીમ કોર્ટે શુક્રવારે દિલ્હી-એનસીઆરમાં રખડતા કૂતરાઓ અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પકડાયેલા કૂતરાઓને નસબંધી અને રસીકરણ પછી છોડી દેવા જોઈએ. કોર્ટે એવો પણ આદેશ આપ્યો કે રેબીઝથી સંક્રમિત બીમાર અથવા હિંસક કૂતરાઓને છોડવામાં ન આવે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે સાંભળ્યું છે અને અમે આ મામલાને આખા દેશ સુધી લઈ જઈ રહ્યા છીએ. અમે તમામ રાજ્ય સરકારોને નોટિસ જારી કરી રહ્યા છીએ અને



હાઈકોર્ટમાં પેન્ડિંગ તમામ કેસોને અહીં ટ્રાન્સફર કરી રહ્યા છીએ.

સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે શેલ્ટર હોમમાં મોકલવામાં આવેલા બધા કૂતરાઓને છોડી દેવામાં આવશે. તે જ સમયે, હિંસક અને બીમાર કૂતરાઓને છોડવામાં આવશે નહીં. રખડતા કૂતરાઓને પકડવાના કામમાં અવરોધ ઉભો કરનારાઓને દંડ ભરવો પડશે. ચોક્કસ વ્યક્તિએ ૨૫ હજારનો દંડ ભરવો પડશે અને NGOએ બે લાખનો દંડ ભરવો પડશે.

સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે જાહેરમાં કૂતરાઓને ખવડાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. રખડતા કૂતરાઓ માટે અલગ ખોરાક આપવાની જગ્યાઓ બનાવવામાં આવશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવા ખોરાકને કારણે ઘણી ઘટનાઓ બની છે. કોર્ટે કહ્યું કે મ્યુનિસિપલ કોર્પોરેશને કૂતરાઓને પકડવા પડશે અને તેમને કૃમિનાશક દવા, રસીકરણ વગેરે આપ્યા પછી, તેમને તે જ વિસ્તારમાં છોડી દેવા પડશે જ્યાંથી તેઓ પકડાયા હતા.

તમને જણાવી દઈએ કે આ નિર્ણય સુપ્રીમ કોર્ટના ત્રણ ન્યાયાધીશોની બેન્ચે આપ્યો છે.




# સુરક્ષામાં ફરી ચૂક : એક વ્યક્તિ ઝાડ પર ચઢી, દિવાલ કૂદીને સંસદ ભવનમાં ઘૂસી ગયો



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૨

દેશની સંસદની સુરક્ષામાં મોટો ભંગ થયો છે. એક વ્યક્તિ ઝાડ પર ચઢી, દિવાલ કૂદીને અંદર ઘૂસી ગયો. આ વ્યક્તિ સંસદના ગરુડ દ્વાર સુધી પહોંચી ગયો હતો. પછી સુરક્ષા કર્મચારીઓએ તે વ્યક્તિને પકડી લીધો. આ આરોપી ઝાડની મદદથી દિવાલ કૂદીને પરિસરમાં પ્રવેશ્યો હતો.

શુક્રવારે સવારે લગભગ ૬:૩૦ વાગ્યે, એક અજાણ્યો વ્યક્તિ રેલ ભવન બાજુથી ઝાડની મદદથી દિવાલ કૂદીને નવા સંસદ ભવનના ગરુડ ગેટ પર પહોંચ્યો. સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સના કર્મચારીઓએ તાત્કાલિક તેને કસ્ટડીમાં લીધો હતો. કસ્ટડીમાં લેવાયેલા વ્યક્તિની ઓળખ કરવામાં આવી રહી છે. શું તેની પાસે કોઈ હથિયાર હતું કે તે શા માટે સંસદમાં પ્રવેશ્યો? સુરક્ષા ટીમ આ બધા પાસાઓની તપાસ કરી રહી છે.

પોલીસે કહ્યું કે શંકાસ્પદ વ્યક્તિએ સંસદ પરિસરમાં અનધિકૃત રીતે પ્રવેશવા માટે રેલ ભવન બાજુથી દિવાલનો સહારો લીધો હતો. તે ગરુડ ગેટ પર પહોંચ્યો હતો, જે સંસદ ભવનનું મુખ્ય પ્રવેશદ્વાર છે. તેની ધરપકડ કર્યા પછી, CISF એ તેને સંસદ માર્ગ પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. દિલ્હી પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેનો હેતુ શું હતો? સંસદ પરિસરમાં પ્રવેશવા પાછળનો તેનો હેતુ શું હતો?

સંસદનું ચોમાસુ સત્ર ગુરુવારે સમાપ્ત થયું. ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થયું હતું અને ૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી ચાલ્યું હતું. ૩૨ દિવસ સુધી ચાલેલા આ સત્રમાં કુલ ૨૧ બેઠકો યોજાઈ હતી, પરંતુ વિપક્ષના હોબાળાને કારણે કાર્યવાહી ઘણી વખત ખોરવાઈ હતી.









## કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે વિવિધ કાર્યક્રમોની માહિતી આપી

# અમરેલી જિલ્લામાં નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરાશે

અમરેલી,તા.૨૨

આગામી તા.૨૯ ઓગસ્ટના રોજ ભારતભરમાં નેશનલ સ્પોર્ટ્સ રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી થશે. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને સ્પોર્ટ્સ અવેરનેસ સેલિબ્રેશન (રમતગમત જાગૃતિ) અને શ્રી ગણેશ શ્રેષ્ઠ પંડાલ પ્રતિયોગિતા ૨૦૨૫ અન્વયે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં વિવિધ સમાચાર માધ્યમોના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે કહ્યું કે, આગામી તા.૨૯ થી તા.૩૧ દરમિયાન જિલ્લામાં તમામ શાળાઓ, કોલેજ સહિતની સંસ્થાઓમાં નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી થશે. તા.૨૯ ઓગસ્ટે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ અમરેલી સ્પોર્ટ્સ સંકુલ ખાતે યોજાશે. વિવિધ રમતોનું પ્રદર્શન થશે. ફિટ ઈન્ડિયા મુવમેન્ટની પ્રતિજ્ઞા લેવામાં આવશે. ખેલ મહાકુંભ ૨૦૨૫ અન્વયે નોંધણી પ્રક્રિયા પણ આ દિવસથી શરુ થશે. સાઈકલ ઓન સન્ડેઃ તા.૩૦ના રોજ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ થી ચિતલ રોડ, ઠેબી



ડેમ, ખોડિયાર મંદિર, માચીયાળા બાયપાસ થી પરત ચિતલ રોડ અમરેલી સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સુધી સાયકલ રેલી યોજાશે. આ રેલીમાં, અધિકારીઓ, કર્મચારીઓ, વિવિધ સંસ્થાઓ, ખેલાડીઓ, સામાજિક કાર્યકર્તાઓ, મહાનુભાવો સહિતના જોડાશે. ''હર ગલી, હર મેદાન, ખેલે સારા હિન્દુસ્તાન, ખેલે ભી, ખીલે ભી'' સૂત્ર સાથે આ વર્ષનો રાષ્ટ્રીય રમત દિવસ દ્વારા ભારતની ઓલમ્પિક માટેની ભાવના, શ્રેષ્ઠતા, મિત્રતા અને આદર સહિતના મૂલ્યો અને તેના પ્રત્યેના આદરને વ્યક્ત કરવામાં આવશે. રાજયના રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા રાજયમાં સાંસ્કૃતિક વારસા અને પરંપરાગત લોક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે 'શ્રી ગણેશ શ્રેષ્ઠ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫'નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટરે આ પ્રતિયોગિતા વિશે જણાવ્યું કે, ગુજરાત રાજયના ૨૯ જિલ્લા મથક ખાતે ગણપતિ ઉત્સવ યોજાશે. વિવિધ સ્થળે બનાવવામાં આવતા ગણેશ પંડાલમાંથી બેસ્ટ ઓફ થ્રી ને અનુક્રમે રુ.૫ લાખ, રુ.૩ લાખ અને રુ.૧.૫૦ લાખના ઈનામો આપવામાં આવશે. આ ઉપરાંત ૫ (પાંચ) પંડાલ કૃતિને પ્રોત્સાહન માટે પસંદ કરી તેમને રુ.૧ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

# બાબરા પીઆઈ દ્વારા અકસ્માત નિવારવા ઢોરના ગળામાં રેડિયમ બેલ્ટ પહેરાવાયા

બાબરા,તા.૨૨

બાબરા તાલુકામાં રાજકોટ–ભાવનગર હાઈવે પરથી પસાર થનારા વાહન ચાલકોને રસ્તા પર બેસતા ઢોરને કારણે અકસ્માતોની પરિસ્થિતિ ઊભી થતી હતી. આવી મુશ્કેલી દૂર કરવા બાબરા હરિઓમ ગૌશાળા તથા શહીદ ભગતસિંહ ગ્રુપ દ્વારા રીફ્લેક્શન રેડિયમ વાળા બેલ્ટ ઢોરના ગળામાં પહેરાવવાનો અનોખો પ્રયાસ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યને ધ્યાનમાં



તસવીર : વિજય માળી

રાખીને બાબરાના પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી. જાડેજાએ તાત્કાલિક રસ દાખવીને પોતાના અંગત આર્થિક યોગદાનથી ૧,૦૦૦ રેડિયમ બેલ્ટ મંગાવ્યા હતા. આ બેલ્ટ દિલ્હીથી ગૌસેવા ગ્રુપના સભ્ય દ્વારા તાત્કાલિક મંગાવવામાં આવ્યા હતા. ઢોરોને બેલ્ટ પહેરાવવાની કામગીરી શહીદ ભગતસિંહ ગ્રુપ, હરિઓમ ગૌશાળા ગ્રુપ અને ભગવાધારી ગ્રુપના સભ્યો દ્વારા હાથ ધરાઈ રહી છે. આ સેવા કાર્યનો સંપૂર્ણ ખર્ચ પીઆઈ જાડેજાએ વ્યક્તિગત રીતે કર્યો છે, જેને કારણે અકસ્માતોમાં ઘટાડો થવાની અપેક્ષા છે. આ અંગે તમામ ગ્રુપના સભ્યો અને વિશ્વ હિંદુ પરિષદના અધ્યક્ષ ગજેન્દ્રસિંહ શેખવા, બજરંગદળ અધ્યક્ષ ઈન્દ્રજીતસિંહ ચૌહાણ અને બજરંગ દળ મંત્રી હરીશભાઈ ધોળકીયાએ તેમને રૂબરૂ મળી આભાર વ્યક્ત કર્યો હતો.

# વિદેશી કપાસની આયાત ડ્યૂટી અંગેનો ખેડૂત વિરોધી નિર્ણય પરત લેવા પ્રતાપ દુધાતની માંગ

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને વિદેશી કપાસની આયાત ડ્યુટી ઘટાડી ખેડૂત વિરોધી નિર્ણય પરત લેવા માગણી કરી છે. તેમણે વધુમાં રજૂઆત કરી છે કે, ગુજરાત ખેતીપ્રધાન રાજ્ય હોય અને ખેડૂતો તેમજ સમગ્ર લોકો ખેતી પર નિર્વાહ ચલાવી રહેલ છે. આપે ખેડૂતોને બમણી આવકનો વાયદો પણ આપેલ છે ત્યારે "મોસાળે મા પીરસનાર" હોય તેમ છતાં ગુજરાતનો ખેડૂત પાયમાલ બની રહ્યો છે. ગુજરાતમાં લાખો હેક્ટરમાં કપાસનું વાવેતર થયું છે ત્યારે ભારત સરકારે જે વિદેશી કપાસની આયાત ડ્યુટીમાં ઘટાડો કરવા અંગેનો નિર્ણય લીધો છે, તે ખેડૂત વર્ગના હિતને અનુકૂળ



નથી અને ખેડૂતોની આર્થિક સ્થિતિ પર નકારાત્મક અસર પાડે છે. ખેડૂતો આજે અનેક સમસ્યાઓથી ઘેરાયા છે. મોંઘા ખાતર-બીજ-દવા, સિંચાઈની તંગી, પાકને યોગ્ય ભાવ ન મળવો તથા કુદરતી આફતો. એવા સમયે ખેડૂતોના હિતોને સુરક્ષિત કરવાને બદલે સરકારના આ પ્રકારના નિર્ણયથી ખેડૂતોને આર્થિક નુકસાની વેઠવાની આવશે. સરકારને આ નિર્ણય પાછો ખેંચવાની અને ખેડૂતોના હિતમાં નવા પગલાં ભરવાની માંગણી કરીએ છીએ.

# અમરેલીના ગજેરા કેમ્પસમાં વૃક્ષારોપણ સાથે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

અમરેલી,તા.૨૨

અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સંચાલિત પ્રાથમિક, માધ્યમિક, ઉ.માધ્યમિક સ્કૂલ, જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ, જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ તેમજ કોલેજના સંયુક્ત ઉપક્રમે ૧૫ ઓગષ્ટે ૭૯મા સ્વતંત્ર પર્વની ધ્વજવંદન સાથે વૃક્ષારોપણ કરી ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન લક્ષ્મી ડાયમંડ-ગજેરા ગૃપ, બેલ્જિયમના ગીરધરભાઈ ગજેરાના હસ્તે ધ્વજવંદન અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ તકે અતિથિ વિશેષ પદે વસંતભાઈ મોવલીયા, દિનેશભાઈ ભુવા, ડૉ. કાનાબાર, રમેશભાઈ કાથરોટીયા, વિજયભાઈ દેસાઈ, સુરેશભાઈ દેસાઈ, જીતુભાઈ ગોળવાળા, ઘનશ્યામભાઈ સોરઠીયા, રાકેશભાઈ નાકરાણી, રૂજુલભાઈ ગોંડલીયા, એમ.કે.



સાવલિયા, રાજેશભાઈ ગઢિયા, કાળુભાઈ સુવાગીયા, હિતેશભાઈ મહેતા, પ્રો.પટેલ, મુકેશભાઈ કોરાટ, ગોપાલભાઈ કચ્છી, બાબુભાઈ ધાનાણી, નિમેશભાઈ બાંભરોલીયા, પ્રવીણભાઈ ગજેરા, બાબુભાઈ ગજેરા, રિધેશભાઈ નાકરાણી, રાજુભાઈ ફીણવિયા, કાળુભાઈ રૈયાણી, ભીખુભાઈ કાબરીયા, ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડિયા, ટ્રસ્ટી ડાયાભાઈ ગજેરા, ખોડાભાઈ સાવલિયા, ચતુરભાઈ ખૂંટ, સમાજના અગ્રણીઓ, સેવાકીય સંસ્થાના પ્રમુખો, ખોડલધામ સમિતિના સભ્યો વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન બાદ NCC કેડેટ્સ દ્વારા પરેડ કરવામાં આવેલ તેમજ સિદ્ધિ પ્રાપ્ત કરેલ સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓનું મહેમાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા મહિલાઓ માટે બેકરી પ્રોડક્ટ્સ બનાવવાની તાલીમ યોજાઈ

અમરેલી,તા.૨૨

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા મહિલાઓ માટે એક ખાસ 'ઓફ કેમ્પસ' તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં અમરેલી જિલ્લાના બાબાપુર ગામની ૪૮થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓ અને બાળ વિકાસ



માટેની સરકારી યોજનાઓની માહિતી આપવા ઉપરાંત, તેમને બેકરીની વિવિધ વાનગીઓ જેવી કે બિસ્કિટ, કેક, પફ અને પિઝાના રોટલા ઘરે કેવી રીતે બનાવી શકાય તે શીખવવાનો હતો. આ સાથે જ, આ વાનગીઓને વેચીને આર્થિક કમાણી કેવી રીતે કરી શકાય તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# અમરેલીમાં 'સ્વાસ્થ્ય પરિષદ જનસંવાદ' કાર્યક્રમ યોજાયો: આરોગ્ય સુધારણા પર વિસ્તૃત ચર્ચા

અમરેલી,તા.૨૨

અમરેલી તાલુકા હેલ્થ કચેરી દ્વારા જિલ્લા પંચાયત મિટિંગ હોલ ખાતે 'સ્વાસ્થ્ય પરિષદ જનસંવાદ' કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં



જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા વિકાસ અધિકારી પંડ્યા, પ્રાંત અધિકારી નાકિયા સહિત અનેક ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં સુધારો લાવવાનો હતો. ખાસ કરીને માતા અને બાળકના સ્વાસ્થ્ય, બાળ-મરણ અને માતા-મરણ અટકાવવા જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# અમરેલી જિલ્લાના ખેડૂતોને ખાતરની પાંચ બેગ માટે મર્યાદા સુચવવામાં આવી

**અન્ય ખેડૂતોની માંગણી પૂર્ણ કરી ખાતરની બેગ વધુ આપી શકાશે**

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં રાસાયણિક ખાતર વિક્રેતાઓ માટે તા.૧૩.૦૮.૨૦૨૫ના રોજ પરિપત્ર કરવામાં આવ્યો છે. આ પરિપત્ર મુજબ દરેક ખેડૂતને પ્રતિ દિવસ ૦૫ બેગથી વધુ યુરિયા ખાતર ફાળવવું નહિ તેવી સૂચના છે. ખેતીવાડી ખાતા દ્વારા સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે તે મુજબ રાસાયણિક ખાતર વિક્રેતાઓએ જરુરી નોંધ લેવાની છે. હાલના સમયે ખાતરની દુકાનો પર જ્યારે ખેડૂતોની લાઈન લાંબી કે વધારે હોય ત્યારે દરેક ખેડૂતને ખાતરની ફાળવણી થઈ શકે તેના જરુરી આયોજન માટે યોગ્ય પાંચ બેગ ખાતરની મર્યાદા સૂચવવામાં આવી છે જે ફક્ત ઈન્ડિકેટિવ (દિશાદર્શક) છે. જો કોઈ ખેડૂત દ્વારા વધારે ખાતરની માંગણી કરવામાં આવે અને આવી માંગણી અન્ય ખેડૂતોની માંગણી પૂર્ણ કરી સંતોષી શકાય તેમ હોય તો વધારે ખાતર ફાળવી શકાશે અને એક ટન અથવા તેનાથી વધુ વેચાણના તમામ વ્યવહારો થઈ શકશે. વધુ વેચાણના તમામ વ્યવહારોને લગતી આ તમામ વિગતો નાયબ ખેતી નિયામક(વિસ્તરણ) અમરેલીને રજૂ કરવી, તેમ અમરેલી જિલ્લા નાયબ ખેતી નિયામક એક યાદીમાં જણાવ્યું છે.







# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ભવ્ય જન્માષ્ટમી કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૨

અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં દર વર્ષની જેમ આ વર્ષે વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ દ્વારા શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

જયાં બાળકૃષ્ણને કરંડીયામાં બેસાડીને વાસુદેવ યમુના પાર કરાવે છે તે દ્રશ્યની વેશભૂષા સાથે વિદ્યાર્થીઓએ નાચતા-કુદતા જીવંત પ્રદર્શિત કર્યુ હતું.



તેમજ મટકીફોડ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. વિદ્યાર્થીઓ દ્વારા ઉલ્લાસભેર આ સુંદર આયોજન શિક્ષકો અને સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેનના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યું હતું.

**કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક મળી**

# નળ સે જળ યોજના અન્વયે ૩૩૯ યોજનાઓ મંજૂર

અમરેલી,તા.૨૨

અમરેલી ખાતે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર અતુલ સિંઘ પણ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં, જિલ્લા કલેક્ટરે જિલ્લાની પાણી પુરવઠા યોજનાઓ, નળ સે જળ યોજના અન્વયે પૂર્ણ થયેલ કામગીરીનો અહેવાલ મેળવ્યો હતો. જિલ્લામાં પ્રગતિ તળેના કામો, નવી મંજૂર કરવાની યોજના, વિવિધ કામોની સૈધ્ધાંતિક મંજૂરી, બોર, પમ્પીંગ, મશીનરી અને તેને લગતી જરુરી સાધન સામગ્રીની કામગીરી, પાણી સમિતિ ઓડિટ કામગીરી, પૂર્ણ થયેલ કામો બાબતે ગ્રામ કક્ષાએથી સર્ટીફિકેશનની



કામગીરી સહિતની બાબતે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. ઓગમેન્ટેશન ટેપ કનેક્ટિવિટી ઈન રુરલ એરિયા અને નળ સે જળ યોજના અન્વયે નળ કનેક્શન માટે ૮૨૧ ગામ અને પરાઓમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત જિલ્લાના ૨,૫૮,૨૧૯ ઘરને નળ કનેક્શન આપવામાં આવ્યા છે. ૦૪ ગામ, પરાઓની કામગીરી પ્રગતિ તળે છે, જે સત્વરે પૂર્ણ કરવા માટે જિલ્લા કલેકટરે સૂચના આપી હતી. નળ સે જળ યોજના અન્વયે ૩૩૯ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે, ૩૩૫ યોજનાઓનું કામ પૂર્ણ કરવામાં આવ્યુ છે. બાકી રહેતી ૦૪ ગામોની યોજનાઓનું કામ પ્રગતિ તળે છે.

# મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્યનો વિદાય સમારંભ યોજાયો

અમરેલી,તા.૨૨




સાવરકુંડલા ડિવિઝનમાં ફરજ બજાવતા IPS વલય વૈદ્યની ગાંધીનગર DGP કચેરી ખાતે બદલી થઈ છે. ૨૦૨૧ બેચના આ યુવા અધિકારીએ એક વર્ષથી વધુ સમય સુધી પોતાની નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી.

વલય વૈદ્યના વિદાય સમારોહમાં ધારાસભ્ય મહેશ કસવાળા, SP સંજય ખરાત, ASP જયવીર ગઢવી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વડોદરાના વતની વલય વૈદ્યે અગાઉ કચ્છ-મુંદ્રામાં પ્રોબેશનલ તરીકે પણ કામગીરી કરી હતી. લોકો સાથે સીધો સંવાદ સાધીને ગુનાખોરી નિયંત્રણ અને જનજાગૃતિ ફેલાવવાનું નોંધપાત્ર કાર્ય કર્યું હતું.

# સાવરકુંડલામાં રુદ્ર ગણ દ્વારા દિવ્ય પાલખી યાત્રાનું આયોજન

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલા રુદ્ર ગણ દ્વારા, છેલ્લા ૨૮ વર્ષથી શિવભક્તિની અખંડ પરંપરાનું પાલન થતું આવ્યું છે. આ વર્ષે પણ, પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે, દેવાધિદેવ મહાદેવના પાવન ધામ, રિદ્ધિ સિદ્ધિ નાથ મહાદેવના મંદિર પરિસરમાં અવિરત ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ



તસવીર : સૌરભ દોશી

માસના પ્રત્યેક દિવસોમાં, રુદ્ર ગણ અને નગરજનોએ શિવભક્તિમાં લીન થઈને, ભોળાનાથના નામની ધૂન કરી વાતાવરણને શિવમય બનાવ્યું હતું. સાવરકુંડલા નગર જાણે શિવમય બની ગયું હતું. આ દિવસે, દેવાધિદેવ મહાદેવની ભવ્ય પાલખી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શિવભક્તોના હર્ષોલ્લાસ વચ્ચે, મહાદેવ પાલખીમાં બિરાજમાન થઈને નગરયાત્રાએ નીકળ્યા હતા. આ પાલખી યાત્રામાં, ખૂબ મોટી સંખ્યામાં શિવભક્તો જોડાયા હતા અને 'હર હર મહાદેવ'ના ગગનભેદી નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

# રાજુલામાં તાલુકા સ્વાસ્થ્ય પરિષદ અંતર્ગત જનસંવાદ કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૨૨

રાજુલા પ્રાંત કચેરી ખાતે નાયબ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને આયોજિત તાલુકા સ્વાસ્થ્ય પરિષદમાં જનભાગીદારી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવાનો હતો. આ બેઠકમાં પ્રિવેન્ટિવ કેર પર પણ



તસવીર : ગોપાલ રાઠોડ

ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠકમાં, હાજર પદાધિકારીઓ અને સભ્યો દ્વારા માતા અને બાળ આરોગ્ય, કુપોષણ, એનિમિયા અને બિનચેપી રોગો પર જન સંવાદ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને, રાજુલા અને જાફરાબાદ તાલુકામાં કોઈ પણ બાળક કે મહિલા કુપોષિત ન રહે, સગર્ભા મહિલાના મૃત્યુ ન થાય અને નવજાત બાળક સ્વસ્થ રહે તે માટે સૌને પોતાની જવાબદારી નિભાવવા અનુરોધ કરાયો હતો. આ ઉપરાંત, પી.એન.ડી.ટી. એક્ટના અમલીકરણ અને રોગચાળાને અટકાવવા માટે ક્લોરિનેશનની કામગીરી બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# બગસરા બગેશ્વર મહાદેવ મંદિરે મહાકાલનો શૃંગાર

બગસરા,તા.૨૨

બગસરામાં આવેલું ૭૦૦ વર્ષ જૂનું સ્વયંભુ બગેશ્વર મહાદેવ મંદિર એ ૭૮ રામા અવતારના સાક્ષી મહર્ષિ બગદાલમ ઋષિ દ્વારા પ્રગટ કરાયેલું છે. હાલમાં શ્રાવણ મહિના દરમિયાન, સનાતન ગ્રુપ દ્વારા ૩૦ દિવસનો મહાયજ્ઞ અને મહાપૂજાનું આયોજન થયું છે. આ



પૂજામાં ૭ તીર્થોના જળ અને કૈલાશ માન સરોવરના જળથી મહાદેવનો અભિષેક કરાઈ રહ્યો છે. પૂજા બાદ દરરોજ મહાદેવના અલગ-અલગ શણગાર અને મહાઆરતી કરવામાં આવે છે. શ્રાવણી શિવરાત્રીના દિવસે મહાકાલની ભસ્મ આરતી અને વિશેષ દર્શનનો શણગાર યોજાયો હતો, જેનો લાભ અનેક શિવભક્તોએ લાભ લીધો હતો.

# અમરેલી એસ.ટી.વિભાગમાં એપ્રેન્ટિસ કરવાની તક

અમરેલી,તા.૨૨

જીએસઆરટીસી અમરેલી વિભાગ હેઠળનાં અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, રાજુલા, ઉના, કોડીનાર ડેપો - વિભાગીય યંત્રાલય ખાતે ઓગસ્ટ-ઓકટોબર-૨૦૨૫નાં ભરતી સત્ર માટે એપ્રેન્ટિસની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

મિકેનીક સાઈડનાં ટ્રેડમાં ધોરણ ૧૦ પાસ ફરજિયાત તથા આઈ.ટી.આઈ.ના ડિઝલ મિકેનીક / એમ.એમ.વી., ઈલેક્ટ્રિશ્યન, ફિટર, વેલ્ડર, વાયરમેન ટ્રેડમાં આઈ.ટી.આઈ. પાસની તેમજ વહીવટી કામગીરી માટે આઈ.ટી.આઈ. કોપા ટ્રેડ અને ધો.૧૨ પાસ ફરજિયાત છે. જીએસઆરટીસી અમરેલીમાં એપ્રેન્ટિસ તરીકે જોડાવવા ઈચ્છુકોએ, અમરેલી લાઠી રોડ સ્થિત અમરેલી જીએસઆરટીસી વિભાગીય કચેરી ખાતેથી કચેરી કામગીરી સમય અને જાહેર રજા સિવાયના દિવસોમાં તા.૨૫/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૦૯/૨૦૨૫ સુધીમાં રુબરુ રુ.પાંચ ચૂકવી આ અરજી-ફોર્મ સવારે સમય ૧૧ થી બપોરે ૨ કલાક સુધીમાં મેળવવા. તા.૧૮-૦૯-૨૦૨૫ના રોજ સાંજે ૪ વાગ્યા સુધીમાં જરુરી વિગતો સાથેના અરજીપત્રકો જમા કરાવવા. નિયત સમયમર્યાદા વિત્યે અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહિ. આ અંગેની વધુ વિગતો મેળવવા માટે કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો. અરજીકર્તાએ, https: //www. apprenticeshipindia.gov.in/ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવું.

તેમજ રજિસ્ટ્રેશન પ્રોફાઈલમાં (૧) શાળા છોડ્યાનું (S.L.C.) પ્રમાણપત્ર, (૨) આધારકાર્ડ અપલોડ કરવું ફરજિયાત છે. ઓનલાઈન રજિસ્ટ્રેશન નહિ થયું હોય તે અરજી-ફોર્મ રદ-કમી પાત્ર થશે.




## અવસાન નોંધ

**મોટી કુંકાવાવ**

શ્રી ગૌડ માળવી બ્રાહ્મણ મૌનસ ગૌત્ર રત્નેશ્વર દાદા મૂળ કોટડા સાંગાણી હાલ મોટી કુંકાવાવ ગં. સ્વ. કુંદનબેન લાભશંકરભાઈ જોષી કે જેઓ ધર્મેશ (પિન્ટુ) ના માતૃશ્રી તથા સ્વ.લાભશંકરભાઈ વિશ્વનાથભાઈ જોષીના ધર્મપત્ની, સ્વ.ભાઈશંકરભાઈ, સ્વ. હર્ષદરાય, સ્વ.કનકરાય, જર્નાદનભાઈ વિશ્વનાથભાઈ જોષીના નાનાભાઈના લાભશંકરભાઈના ધર્મપત્ની તેમજ સ્વ. મણિશંકરભાઈ શોમળજીભાઈ જોષીના મોટી પુત્રી તેમજ સ્વ.નલિનભાઈ તથા શશિકાંતભાઈ, જીતેન્દ્રભાઈ, રાજેશભાઈ (મોટી કુંકાવાવ) ના બહેનનું તા.૨૦/૦૮/૨૦૨૫ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૫/૦૮/૨૦૨૫ને સોમવારના રોજ સવારના ૮ થી સાંજના ૬ વાગ્યા સુધી લોહાણા મહાજન વાડી મોટી કુંકાવાવ ખાતે રાખેલ છે.

**બગસરા**

બગસરા સાપર નિવાસી અમરદાસજી જેઠીરામજી દેશાણી ઉંમર વર્ષ ૯૧ તે પ્રભુદાસભાઈના પિતા તેમજ રમેશભાઈ તથા પ્રદીપભાઈ ન્યૂઝ પેપર એજન્ટના મોટા બાપુ તા. ૨૦ ને બુધવારના રોજ રામચરણ પામેલ છે.







### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૩૨/૨૦૨૫

અરજદાર : શ્રી શિયાળ શાંતુબેન વશરામભાઈ
સરનામુ : મું.ભાંકોદર તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ભાંકોદર
મું.ભાંકોદર તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ભાંકોદર** ગામના **શ્રી શિયાળ શાંતુબેન વશરામભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી કિંજલબેન વશરામભાઈ શિયાળ નો જન્મ** તા.૩૧/૦૩/૨૦૧૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.આર.જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦ માહે. ઓગષ્ટ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૦/૦૮/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૪૦/૨૦૨૫

અરજદાર : શ્રી પઠાણ આલમખાં બાદરખાંભાઈ
સરનામુ : મું.બલાણા તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બલાણા
મું.બલાણા તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બલાણા** ગામના **શ્રી પઠાણ આલમખાં બાદરખાંભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી રસુલખાં આલમખાં પઠાણ નો જન્મ** તા.૧૦/૦૬/૧૯૭૮ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦ માહે. ઓગષ્ટ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૦/૦૮/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૪૧/૨૦૨૫

અરજદાર : શ્રી પઠાણ આલમખાં બાદરખાંભાઈ
સરનામુ : મું.બલાણા તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બલાણા
મું.બલાણા તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બલાણા** ગામના **શ્રી પઠાણ આલમખાં બાદરખાંભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી ઈમ્તિહાનખાં આલમખાં પઠાણ નો જન્મ** તા.૨૦/૦૬/૧૯૮૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦ માહે. ઓગષ્ટ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૦/૦૮/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### જાહેર નોટીસ



સબબ આથી લાગતા વળગતા સર્વોને જણાવવાનું કે અમો જયસુખભાઈ જીણાભાઈ સતાણી રહે. રામપર, તા. લાઠી, જી. અમરેલીના અમારા પુત્ર અંતેશભાઈ જયસુખભાઈ સતાણી જેઓ આજથી આશરે ૩ માસ પહેલા કોઈને કહયા વીના અમારી જાણ બહાર કયાંક ચાલ્યા ગયેલ હોય જેની ઘણી શોધખોળ કરવા છતા કયાંય મળી આવેલ નથી કે કોઈ ભાળ મળેલ નથી. જે બાબતે પણ અમોને કોઈ જાણકારી મળેલ નથી કે તેઓ કયાં છે. જેથી ભવિષ્યમાં અમારા પુત્ર અંતેશભાઈ જયસુખભાઈ સતાણી સાથે હવે અમો કે અમારા પરિવાર સાથે કોઈ પણ જાતના સંબંધો રહેતા નથી. કે અમારી મિલ્કતમાં આજથી મારા પુત્ર અંતેશભાઈ જયસુખભાઈ સતાણીનો કોઈપણ પ્રકારની મિલ્કતમાં જેમ કે ખેતીની જમીન કે રહેણાંક મકાન કે અન્ય કોઈ મિલ્કતમાં લાગભાગ કે હકક હીસ્સો રહેશે નહી. કે આજ પછી મારા પુત્ર અંતેશભાઈ જયસુખભાઈ સતાણીની કોઈપણ જાતની જવાબદારી અમારી રહેશે નહી. જેની સર્વે લાગતા વગતાઓએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

સ્થળ:- રામપર
તા:- ૨૨/૦૮/૨૦૨૫

**ડીડીઓ, ધારાસભ્ય કૌશિક વેકરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી સહિતનાઓની હાજરીમાં**

# વડીયા તાલુકાનું નારી સંમેલન ભુરખીયા હનુમાન મંદિરે યોજાયું

અમરેલી,તા.૨૨

વડીયા-કુંકાવાવ તાલુકાનું નારી સંમેલન ભુરખીયા હનુમાન મંદિર ખાતે યોજાયું હતું, જેનું અધ્યક્ષસ્થાન ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ સંભાળ્યું હતું. આ કાર્યક્રમ અમરેલી DDO અને TDO સહિતના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમમાં, DDOએ કુપોષિત બાળકોની ખાસ કાળજી રાખવા પર ભાર મૂક્યો અને જણાવ્યું કે સરકાર આવા બાળકોની સારવારનો તમામ ખર્ચ ઉઠાવે છે. કૌશિકભાઈ વેકરીયાએ જાહેરાત કરી કે કુપોષિત બાળકના વાલીને સારવાર દરમિયાન રોજના રૂ.૫૦૦ રોજગારી સહાય તરીકે આપવામાં આવશે. આ ઉપરાંત, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ મોબાઈલના વધુ પડતા ઉપયોગથી બાળકોની આંખોને થતી સમસ્યા અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે



આરોગ્ય વિભાગને તમામ સ્કૂલ અને આંગણવાડીના બાળકોની આંખોની તપાસણી કરવા અને જરૂરિયાતમંદ બાળકોને વિનામૂલ્યે ચશ્મા આપવા સૂચન કર્યું હતું. તેમણે મહિલાઓમાં કેન્સરના વધતા પ્રમાણ અંગે પણ વાત કરી અને જણાવ્યું કે તેમણે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સાથે ૨૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓ અને કોલેજની યુવતીઓને કેન્સરની મોંઘી રસીના ત્રણ ડોઝ વિનામૂલ્યે આપવા અંગે ચર્ચા કરી છે, જેની જાહેરાત ટૂંક સમયમાં થશે. કાર્યક્રમમાં અન્ય ઘણા મહાનુભાવો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. આ તકે, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને પોલીસ અધિકારી સહિતનાઓ હાજર રહ્યા હતા.

# બાબરાના આમ આદમી પાર્ટીના પ્રમુખ દારૂ પીતા હોવાનો વીડિયો વાયરલ

અમરેલી,તા.૨૨

બાબરા શહેરમાં રાજકારણમાં ખળભળાટ મચાવે તેવી ઘટના સામે આવી હતી. આપના શહેર પ્રમુખ કૌશિક ભરાડ દારૂ પીધેલી હાલતમાં રંગેહાથ ઝડપાયા હતા. બાબરા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખે તેમને એક દુકાનમાં દારૂની બોટલ સાથે ઝડપ્યા હતા. નગરપાલિકાના હોદ્દેદારોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવ્યો,



જેમાં કૌશિક ભરાડ દારૂની બોટલ સાથે સ્પષ્ટપણે જોઈ શકાય છે. વીડિયો બનાવતી વખતે તેઓ દુકાનમાંથી બહાર નીકળી ગયા

**પોલીસે કૌશિક ભરાડની નશાની હાલતમાં ધરપકડ કરી**

હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં બાબરા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી કૌશિક ન્હાનાલાલભાઈ ભરાડ વિરુદ્ધ ગુનો નોંધીને તેમની ધરપકડ કરી હતી. તેમની પાસેથી એક દારૂની બોટલ પણ જપ્ત કરવામાં આવી હતી.

# સાવરકુંડલાના ઘોબા ગામે લેમ્પના અજવાળે પત્તા ટીચતાં ૫ ઝડપાયા

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલાના ઘોબા ગામે લેમ્પના અજવાળે પત્તા ટીચતાં ૫ શખ્સો ઝડપાયા હતા. સંજયભાઈ રામભાઈ જોગાણી, રમેશભાઈ પોપટભાઈ બદાણીયા, સવજીભાઈ પાંચાભાઈ ચુડાસમા, જયસુખભાઈ ભુરાભાઈ ઘડસીયા તથા મનુભાઈ મોહનભાઈ ખોરાસીયા ઘોબા ગામે કોળીવાડામાં પોપટભાઈ નાનજીભાઈ ઘડસીયાના મકાનની બાજુમાં લેમ્પના અજવાળે જાહેર જગ્યામાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂ.૧૦,૬૫૦ સાથે ઝડપાયા હતા.

વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એમ. મેર વધુ તપાસ કરી રહ્યા છે.

# ધાતરવાડી-૧ ડેમ ખાતે ઈજારાથી રાખેલા માછીમારીના કોન્ટ્રાક્ટર પર હુમલો

રાજુલા, તા.૨૨

ધાતરવાડી-૧ ડેમ ખાતે ઈજારાથી રાખેલા માછીમારીના કોન્ટ્રાક્ટર પર હુમલો કરી, ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે સાવરકુંડલાના ઘાંડલા ગામે રહેતા અકબરશા ભીખુશા કનોજીયા (ઉ.વ.૩૪)એ ભુપતભાઈ ધીરૂભાઈ વાઘેલા, કીશોરભાઈ વાઘેલા, મહેશભાઈ વાઘેલા, રાહુલભાઈ પરમાર તથા હરેશભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ, આરોપીઓ ધાતરવડી-૦૧ ડેમ ખાતે તેમણે ઈજારાથી રાખેલી મચ્છીમારી કોન્ટ્રાકટવાળી માછલીઓ કાઢતા હતા. તે માછલીઓ કાઢવાની તેમણે ના પાડતા તેનું મનદુઃખ રાખી તેઓ તથા સાહેદો પોતાના ઘરે જતા હતા તે દરમ્યાન ધાતરવડી ડેમ-૧ ની કેનાલના પુલ ઉપર પ્રથમ આરોપીએ લાકડાના ધોકા વડે શરીરે આડેધડ માર મારી મુંઢ ઈજાઓ પહોચાડી હતી. ઉપરાંત મોટર સાયકલમાં તોડફોડ કરી ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી. સમા વધુ તપાસ કરી રહ્યા છે.

**ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી**

# રાજુલાના ધારેશ્વર ડેમમાં માછલા પકડતા યુવક પર હુમલો

રાજુલા, તા.૨૨

રાજુલાના ધારેશ્વર ડેમમાં માછલા પકડતા યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે ભુપતભાઈ ધીરૂભાઈ વાઘેલા (ઉ.વ.૩૫)એ તેજસભાઈ ચૌહાણ, ફારૂકભાઈ શેખ અને અકબરભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ધારેશ્વર ડેમ ખાતે માછલા પકડતા હતા ત્યારે આરોપી ત્યાં આવ્યા હતા અને બિભત્સ ગાળો આપવા લાગ્યા હતા. ઉપરાંત લાકડાના ધોકા વડે માર મારીને જતા રહ્યા હતા. જે બાદ તેઓ ડેમમાંથી બહાર નીકળી ખોડિયાર માતાના મંદિરે પહોંચતા તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી. સમા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં કોલેજ અને રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા ટેસ્ટ અને રક્તદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૨૨

નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. કાણકીયા આટ્ર્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે શુક્રવારે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, સાવરકુંડલા બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે "મેગા થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ"



યોજાયો હતો. આ સાથે જ, ડો. જે.બી. વડેરાના ધર્મપત્ની સ્વ. ઉમાબેનના સ્મરણાર્થે અને ડો. વડેરાની રક્તતુલાના હેતુથી "મહારક્તદાન કેમ્પ" યોજાયો હતો. કાર્યક્રમમાં લીલીયા-સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ડેપ્યુટી કલેક્ટર જીલભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી સહિત અનેક રાજકીય, સામાજિક આગેવાનો અને દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. મહારક્તદાન કેમ્પમાં ૧૭૦થી વધુ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું, જેમાં હોમગાર્ડ કમાન્ડર પ્રવીણભાઈ સાવજે ૧૦૯મી વખત રક્તદાન કરીને વિક્રમ સર્જ્યો હતો. આ ઉપરાંત, આશરે ૪૦૦ વિદ્યાર્થીઓએ નિઃશુલ્ક થેલેસેમિયા ટેસ્ટનો લાભ લીધો હતો.

# મોંઘીબા મહિલા કોલેજમાં ચતુર્થ ભીંતપત્રિકાનું અનાવરણ

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજ ખાતે તાજેતરમાં ચોથી ભીંતપત્રિકાનું અનાવરણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં શ્રીમતી એસ. એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલના અંગ્રેજી શિક્ષક અને કવિ-લેખક કેતનભાઈ જોષી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. જી.વી.



વેલિયતના માર્ગદર્શન હેઠળ, અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રા. જૈમિન જોષી અને સહ-અધ્યાપક પ્રા. ભૂષણ જોષી દ્વારા આ ભીંતપત્રિકાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી વિભાગના પ્રા. શોભનાબેન ભેસાણીયાનું પણ આ કાર્યક્રમમાં યોગદાન રહ્યું હતું. આ ભીંતપત્રિકામાં વિદ્યાર્થિની નિરાલી મહેતાએ 'ધ બાર્ડ ઓફ એવોન - શેક્સપિયર'નો આર્ટિસ્ટિક સ્કેચ તૈયાર કર્યો હતો. આ ઉપરાંત, તિથિ ઠાકર, પ્રાંજલ મહેતા, સીમા સૈયદ અને મોનિકા પરમારે પણ આ ભીંતપત્રિકાને તૈયાર કરવામાં યોગદાન આપ્યું હતું. હિન્દી વિભાગના પ્રા. ડૉ. અરવિંદ ઉપાધ્યાય દ્વારા શરૂ કરવામાં આવેલ આ વિચારને વેગ આપવા માટે આ ભીંતપત્રિકાને તમામ સ્ટાફ અને વિદ્યાર્થિનીઓની હાજરીમાં વાંચન માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: અમાસ
તા. ૨૩-૦૮-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૫:૫૪,
સૂર્યાસ્ત-૦૬:૫૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

તા.૨૩-૦૮-૨૦૨૫ શનિવાર

મેષ: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો.

વૃષભ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

મિથુન: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે.

કર્ક: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે.

ધન: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

મકર: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.

મીન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા ખેડૂતોને ખેતીલક્ષી માર્ગદર્શન અપાયું

અમરેલી,તા.૨૨

જૂનાગઢ કૃષિ વિશ્વ વિદ્યાલય સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા તા. ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ NMOOP પ્રોજેક્ટ અંતર્ગત અમરેલી જિલ્લાના ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે જુદા જુદા ગામોની મુલાકાત લેવામાં આવી હતી. ટીમે પીઠવડી, રૂગનાથપુર, હેમાળ અને ઈંગોરાળા ગામના પ્રગતિશીલ ખેડૂતોના



ખેતરોની મુલાકાત લીધી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને નિદર્શન માટે આપવામાં આવેલ. મગફળીના જીજેજી-૩૨ બિયારણ અને જૈવિક કલ્ચર (પીએસબી કલ્ચર), બ્યુવેરિયા અને ટ્રાઈકોડર્મા પાવડરના પરિણામોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ તકે, વૈજ્ઞાનિકોએ ખેડૂતોને આ તબક્કે વિશેષ માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત, દિવેલાની જીસીએચ-૯ અને સોયાબીનની જીજેએસ-૪ વેરાયટીના ખેતરોની પણ મુલાકાત લેવામાં આવી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. મીનાક્ષી કે. બારીયા, વૈજ્ઞાનિક ડો. વી.એસ. પરમાર અને ડો. શ્વેતાબેન એ. પટેલે પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

# ધારી ગળધરા ખોડિયારના દર્શન કરવા ગયેલા નવા ખીજડીયાના યુવકનો મોબાઈલ ચોરાયો

ધારી, તા.૨૨

ધારીના ગળધરા ખોડિયાર માતાજીના મંદિરે દર્શન માટે અનેક લોકો આવતા હોય છે. નવા ખીજડીયા ગામનો એક યુવક અહીં માતાજીના દર્શન માટે આવ્યો હતો ત્યારે તેનો મોબાઈલ ચોરાયો હતો.

અભિષેકભાઈ વિઠ્ઠલભાઈ પરમાર (ઉ.વ.૩૭)એ જાહેર કર્યા મુજબ, તે ધારી ગળધરા ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરવા આવ્યો હતો. તે સમયે તેમનો ૧૦,૯૯૯ રૂપિયાની કિંમતનો મોબાઈલ ફોન અજાણ્યો ચોર ઈસમ ચોરીને ફરાર થઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**ધારીના હીમખીમડીપરાનો બનાવ**

# પરિણીતા સામે જોઈ સિસકારા કરી ખરાબ ઈશારા કરતા યુવકને ઠપકો આપતાં ધમકી આપી

ધારી, તા.૨૨

ધારીના હીમખીમડીપરામાં રહેતી એક પરિણીતા સામે જોઈ સિસકારા કરી ખરાબ ઈશારા કરતા યુવકને ઠપકો આપતાં તેણે મહિલાની ડેલી પાસે આવી ગાળો બોલી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે પરિણીતાએ રજાકભાઈ અબુભાઈ શેખ, નવાજભાઈ આશીફભાઈ શેખ, આશીફભાઈ અબુભાઈ શેખ તથા અબુભાઈ શેખ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી છેલ્લા એક મહિનાથી તેની સામે ખરાબ નજરે જોતા હતા તેમજ સિસકારા કરી ખરાબ ઈશારાઓ કરતા હતા. જે બાબતે તેમણે તથા સાહેદોએ ઠપકો આપતાં તેની ડેલી પાસે આવી જેમ ફાવે

**મહિલાના ઘરની ડેલી પાસે આવી ગાળો આપી**

તેમ ગાળો આપી મારામારી કરી હતી. જેમાં સાહેદોને ઈજા પહોંચી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# કલેક્ટરના અધ્યક્ષસ્થાને ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. કલેકટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં, જનપ્રતિનિધિઓએ વિવિધ વિસ્તારના આંતરિક અને અન્ય મુખ્ય માર્ગ સાથે જોડતાં અન્ય રસ્તાઓ, સિંચાઈ, પાણી, વીજળી, અરજદારોને લોન સહાય, પ્રાથમિક સુવિધા, જમીન માપણી અને જમીન સંપાદન સહિતના નાગરિકલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે, નાગરિકોના પ્રશ્નોના સકારાત્મક નિરાકરણ કરવા માટે સંબંધિત કચેરીઓના વડાઓને જરુરી સંકલન કરવા સૂચના આપી હતી.માર્ગ અને મકાન (પંચાયત અને રાજય), તેમજ માર્ગને લગતા તેમજ અન્ય વિકાસ કાર્યોને ઝડપથી પૂર્ણ કરવા જિલ્લા કલેક્ટરે દિશાનિર્દેશ આપ્યા હતા. જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકની સાથે અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક પણ યોજાઈ હતી. જિલ્લા કલેકટરે ગણેશ શ્રેષ્ઠ પંડાલ પ્રતિયોગિતા અને રમતગમત દિવસ અને તે અન્વયે જિલ્લા અને તાલુકા કક્ષાએ કરવાના થતાં કાર્યક્રમો માટે જરુરી આયોજન કરવા જણાવ્યુ હતું.

**તંત્રી લેખ**

# ભારત-અમેરિકા સંબંધો નાજુક મોડ પર

વૈશ્વિક રાજનીતિ અને અર્થતંત્રના વર્તમાન સંજોગોમાં, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો એક અનોખા તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. એક તરફ, બંને દેશો લોકશાહી મૂલ્યો અને વ્યૂહાત્મક ભાગીદારીના મજબૂત પાયા પર ઊભા છે. બીજી તરફ, વેપાર અને ભૂ-રાજકીય મુદ્દાઓને કારણે તેમના સંબંધોમાં તણાવ જોવા મળી રહ્યો છે, જેને કેટલાક નિષ્ણાતો "વેપાર યુદ્ધ" તરીકે ઓળખાવી રહ્યા છે. આ પરિસ્થિતિ માત્ર આર્થિક જ નહીં, પરંતુ ભવિષ્યના રાજદ્વારી સંબંધો માટે પણ ગંભીર પડકારો ઊભા કરી રહી છે. આમ છતાં એમ કહી શકાય કે ભારત અમેરિકાના સંબંધો આજે નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે જે સુધારી શકાય તેમ છે. ભારત અને અમેરિકા વચ્ચેના તાજેતરના તણાવનું મુખ્ય કારણ રશિયા પાસેથી ભારત દ્વારા કરવામાં આવતી ક્રૂડ ઓઈલની ખરીદી છે. યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ, અમેરિકા અને તેના પશ્ચિમી સહયોગીઓએ રશિયા પર આર્થિક પ્રતિબંધોનો સકંજો કસ્યો છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય રશિયાની આર્થિક તાકાતને નબળી પાડીને યુદ્ધ માટેના ભંડોળને અટકાવવાનો છે. આ પરિસ્થિતિમાં, જ્યારે રશિયાએ સસ્તા ભાવે તેલ વેચવાની ઓફર કરી, ત્યારે ભારતે, તેની રાષ્ટ્રીય ઉર્જા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, આ તકનો લાભ ઉઠાવ્યો. આ નિર્ણયથી અમેરિકા નારાજ થયું. અમેરિકાનું માનવું છે કે ભારતની આ ખરીદી પ્રતિબંધોને નિષ્ફળ બનાવી રહી છે અને રશિયાને આર્થિક રીતે મદદ કરી રહી છે. આ નારાજગીના પરિણામ સ્વરૂપે, અમેરિકાએ ભારતીય ઉત્પાદનો પર ટેરિફ (આયાત જકાત) વધારવાની જાહેરાત કરી, જે પહેલા ૨૫% અને પછી કુલ ૫૦% સુધી પહોંચી ગયો છે. આ ટેરિફની સીધી અસર ભારતના નિકાસ ઉદ્યોગો પર પડશે. ભારતના જે ઉત્પાદનો, જેમ કે કાપડ, રત્ન અને આભૂષણો, દવાઓ અને સોફ્ટવેર સેવાઓ, અમેરિકામાં મોટા પ્રમાણમાં નિકાસ થાય છે, તે હવે મોંઘા થઈ જશે. આ મોંઘવારીને કારણે અમેરિકન ગ્રાહકો ભારતીય વસ્તુઓ ખરીદવાનું ઓછું કરી દેશે, જેનાથી ભારતીય કંપનીઓને મોટું નુકસાન થશે. આ નુકસાન માત્ર વેપાર પૂરતું સીમિત નથી; તે લાખો લોકોની રોજીરોટી પર પણ અસર કરી શકે છે. ખાસ કરીને, નાના અને મધ્યમ ઉદ્યોગો (SMEs) જેઓ નિકાસ પર નિર્ભર છે, તેમને ગંભીર પડકારોનો સામનો કરવો પડશે. આ ઉપરાંત, ભારતીય દવા ઉદ્યોગ, જે અમેરિકાને જેનરિક (સસ્તી) દવાઓ પૂરી પાડે છે, તેના પર પણ અસર થવાની સંભાવના છે, જે અમેરિકાના આરોગ્ય ક્ષેત્ર માટે પણ મોંઘવારી લાવી શકે છે. આ વેપાર વિવાદ માત્ર આર્થિક ગણતરીઓ પૂરતો સીમિત નથી. તે બંને દેશો વચ્ચેના વિશ્વાસ અને રાજદ્વારી સંબંધોમાં પણ ખટાશ લાવી રહ્યો છે. ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કે તેની ઉર્જા આયાત સંપૂર્ણપણે બજાર આધારિત છે અને તે પોતાના લોકોની સુરક્ષા અને જરૂરિયાતો માટે પ્રતિબદ્ધ છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે આ બાબતે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે ભારત વૈશ્વિક બજારમાંથી સૌથી સસ્તી ઉર્જા ખરીદવાનો અધિકાર ધરાવે છે. આ નિવેદન દર્શાવે છે કે ભારત પોતાની સ્વતંત્ર વિદેશનીતિ અને રાષ્ટ્રીય હિતો સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કરવા તૈયાર નથી. આ પરિસ્થિતિમાં, બંને દેશો માટે સમજદારીપૂર્વક આગળ વધવું અત્યંત જરૂરી છે. અમેરિકાએ એ સમજવું જોઈએ કે ભારત કોઈ સામાન્ય દેશ નથી; તે એક ઉભરતી મહાશક્તિ છે જેની પોતાની વ્યૂહાત્મક જરૂરિયાતો અને હિતો છે. ભારત ચીન સામે એક મજબૂત અવરોધક તરીકે કામ કરી શકે છે અને હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં અમેરિકાનો એક મુખ્ય વ્યૂહાત્મક ભાગીદાર બની શકે છે.

# ભાદરવી અમાસનું મહત્વ: શ્રદ્ધા, પ્રકૃતિ અને સંસ્કૃતિનો સંગમ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવાર અને તિથિનું આગવું મહત્વ છે. આ તિથિઓ માત્ર કેલેન્ડરની તારીખો નથી, પરંતુ આપણી શ્રદ્ધા, સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથેના જોડાણનું પ્રતીક છે. આ જ ભાદરવી અમાસનું પણ હિન્દુ ધર્મમાં અને ગુજરાતની સંસ્કૃતિમાં વિશેષ મહત્વ છે. આ અમાસ માત્ર એક તિથિ નથી, પરંતુ પૂર્વજોના શ્રાદ્ધ, ધાર્મિક વિધિઓ અને પ્રકૃતિ સાથેના જોડાણનો એક અનમોલ અવસર છે. ભાદરવી અમાસ મુખ્યત્વે બે કારણોસર મહત્વપૂર્ણ છે: પિતૃ શ્રાદ્ધ અને ધાર્મિક વિધિઓ. પિતૃપક્ષ, જે ભાદરવા સુદ પૂનમથી શરૂ થાય છે અને અમાસના દિવસે સમાપ્ત થાય છે, તે આપણા પૂર્વજોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો સમય છે. આ સમયગાળા દરમિયાન, શ્રદ્ધાળુઓ પોતાના પિતૃઓના આત્માની શાંતિ માટે તર્પણ, પિંડદાન અને શ્રાદ્ધ જેવી વિધિઓ કરે છે. પિતૃપક્ષની સમાપ્તિ ભાદરવી અમાસના દિવસે થાય છે, તેથી આ દિવસને સર્વપિતૃ અમાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે, જે લોકો કોઈ કારણસર પિતૃપક્ષ દરમિયાન શ્રાદ્ધ કરી શક્યા ન હોય, તેઓ તેમના તમામ પૂર્વજો માટે એકસાથે શ્રાદ્ધ કરી શકે છે. આ એક એવી પ્રથા છે જે આપણને આપણા મૂળ અને આપણા પૂર્વજોના બલિદાનને યાદ કરાવે છે. પિતૃ શ્રાદ્ધ ઉપરાંત, ભાદરવી અમાસનું ધાર્મિક અને પૌરાણિક મહત્વ પણ છે. આ દિવસે કરવામાં આવતા દાન અને પુણ્યનું વિશેષ ફળ મળે છે. ઘણા લોકો ગાયને ઘાસ ખવડાવે છે, ગરીબોને ભોજન કરાવે છે અને પક્ષીઓ માટે દાણા નાખે છે. આ તમામ ક્રિયાઓ પરોપકાર અને જીવદયાના સિદ્ધાંતો સાથે જોડાયેલી છે, જે હિન્દુ ધર્મનો પાયો છે. ઘણા મંદિરોમાં પણ આ દિવસે વિશેષ પૂજા અને અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવે છે. શિવ મંદિરોમાં, શિવલિંગ પર જળાભિષેક અને બિલ્વપત્ર અર્પણ કરવામાં આવે છે, કારણ કે શિવને પિતૃઓના મુક્તિદાતા માનવામાં આવે છે. ગુજરાતમાં, ભાદરવી અમાસનું એક આગવું સ્થાન છે. આ દિવસે ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારોના લોકો પ્રકૃતિ અને તેમની આજીવિકા માટે દેવી-દેવતાઓના આશીર્વાદ માંગે છે. આ સમય સુધીમાં, ચોમાસું લગભગ સમાપ્ત થઈ ગયું હોય છે અને પાક તૈયાર થવાની શરૂઆત થઈ રહી હોય છે. તેથી, ખેડૂતો સારા પાકની લણણી માટે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે અને આવનારા સમય માટે સુખ-શાંતિની પ્રાર્થના કરે છે. આ રીતે, ભાદરવી અમાસ માત્ર એક ધાર્મિક તહેવાર નથી, પરંતુ તે કૃષિ સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથેના માનવના જોડાણનું પ્રતીક પણ છે. ભાદરવી અમાસની ઉજવણી, પ્રાદેશિક વિવિધતા અને શ્રદ્ધા સાથે કરવામાં આવે છે. ભાદરવી અમાસની ઉજવણી ભારતના જુદા જુદા પ્રદેશોમાં અલગ અલગ રીતે થાય છે. ખાસ કરીને ગુજરાતમાં, આ તિથિ સાથે જોડાયેલી કેટલીક પરંપરાઓ અને માન્યતાઓ તેને વધુ વિશેષ બનાવે છે. ભાદરવી અમાસના દિવસે, અનેક લોકો પવિત્ર નદીઓમાં, જેમ કે ગંગા, યમુના અને ગુજરાતમાં સાબરમતી, તાપી અને નર્મદા જેવી નદીઓમાં સ્નાન કરે છે. એવું માનવામાં આવે છે કે પવિત્ર નદીમાં સ્નાન કરવાથી પિતૃઓને મોક્ષ મળે છે અને વ્યક્તિના પાપો ધોવાઈ જાય છે. ગુજરાતમાં, સિદ્ધપુર અને ડભોઈ જેવા સ્થળોએ ભાદરવી અમાસના દિવસે શ્રાદ્ધ માટે ખાસ મહત્વ છે. સિદ્ધપુર, જેને માતૃ ગયા તરીકે પણ ઓળખવામાં આવે



છે, તે પિતૃ શ્રાદ્ધ અને ખાસ કરીને માતાના શ્રાદ્ધ માટે પ્રખ્યાત છે. આ દિવસે સિદ્ધપુરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે અને સરસ્વતી નદીના કિનારે પિંડદાનની વિધિ કરે છે. આ દ્રશ્ય ભક્તિ અને શ્રદ્ધાનું અદ્ભુત ઉદાહરણ પૂરું પાડે છે. ભાદરવી અમાસ એ એક દિવસ છે જે આપણને ભૂતકાળ સાથે જોડી રાખે છે અને ભવિષ્ય માટે આશીર્વાદ માંગવા પ્રેરણા આપે છે. આ દિવસની ઉજવણી આપણને યાદ અપાવે છે કે આપણે આપણા પૂર્વજોના આશીર્વાદ અને બલિદાનને ક્યારેય ભૂલવા જોઈએ નહીં. આ સાથે, તે આપણને પ્રકૃતિ અને અન્ય જીવો પ્રત્યે દયાભાવ રાખવાનું પણ શીખવે છે. આધુનિક સમયમાં, તહેવારોનું મહત્વ ભલે બદલાયું હોય, પરંતુ ભાદરવી અમાસ જેવી તિથિઓ આજે પણ આપણી સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો આધારસ્તંભ બની રહી છે. આ તિથિઓ આપણને વ્યસ્ત જીવનમાંથી વિરામ લેવા, આત્મચિંતન કરવા અને આપણા મૂળ સાથે ફરીથી જોડાવા માટેની તક આપે છે. ભાદરવી અમાસ એ શ્રદ્ધા, સન્માન અને પરોપકારની ભાવનાનું પ્રતીક છે. તે એક એવો દિવસ છે જે આપણને આપણા વારસાને જાળવી રાખવા અને ભવિષ્યની પેઢીઓને આ મૂલ્યોનું મહત્વ સમજાવવા માટે પ્રેરણા આપે છે. શ્રાવણ મહિનાની અમાસ અને ભાદરવી અમાસનું રહસ્ય બહુ ઓછા લોકો જાણતા હોય છે. શ્રાવણ મહિનાના અંતિમ દિવસે આવતી અમાસને આપણે ભાદરવી અમાસ તરીકે ઓળખીએ છીએ, અને શ્રાવણ મહિનો એટલો પવિત્ર હોવાથી તેમાં અમાસ ન હોવી જોઈએ. આથી શ્રાવણ મહિનાની અમાસને પાદરીયા અમાસ કહેવામાં આવે છે. શ્રાવણ મહિનામાં અમાસ આવવી ન જોઈએ કારણ કે તે ભગવાન ભોળાનાથનો મહિનો છે તેમાં અમાસનો અંધકાર કદી હોઈ શકે નહીં. બીજી રીતે જોઈએ તો આ વાત જે પંચાંગ અને મહિનાઓની ગણતરી સાથે જોડાયેલી છે. હિન્દુ પંચાંગ મુજબ, મહિનાઓ બે પ્રકારના હોય છે: પૂર્ણિમાન્ત **(Purnimant)** અને અમાન્ત **(Amant)**. પૂર્ણિમાન્ત પંચાંગ: આ પંચાંગ મુજબ, મહિનાની ગણતરી પૂર્ણિમા (પૂનમ)થી શરૂ થઈને આગામી પૂર્ણિમા સુધી થાય છે. ઉત્તર ભારતમાં મોટાભાગે આ પંચાંગ પ્રચલિત છે. આ પદ્ધતિ પ્રમાણે, શ્રાવણ મહિનો શ્રાવણ પૂનમથી શરૂ થઈને આગામી શ્રાવણ પૂનમ સુધી ચાલે છે. તેથી, આ પંચાંગ મુજબ શ્રાવણ મહિનામાં અમાસ આવતી નથી, પરંતુ શ્રાવણી પૂનમ પછી ભાદરવા મહિનાની શરૂઆત થાય છે અને તેમાં ભાદરવી અમાસ આવે છે. અમાન્ત પંચાંગ: આ પંચાંગ મુજબ, મહિનાની ગણતરી અમાસથી શરૂ થઈને આગામી અમાસ સુધી થાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતમાં આ પંચાંગનો ઉપયોગ થાય છે. આ પદ્ધતિ પ્રમાણે, શ્રાવણ મહિનો આષાઢ મહિનાની અમાસ પૂરી થયા પછી શરૂ થાય છે અને શ્રાવણ મહિનાની અમાસના દિવસે તે સમાપ્ત થાય છે. તેથી, આપણે જે શ્રાવણ મહિનાનો છેલ્લો દિવસ ગણીએ છીએ, તે શ્રાવણ મહિનાની અમાસ હોય છે. આ અમાસ પછી ભાદરવા મહિનાની શરૂઆત થાય છે. આમ, ગુજરાતમાં પ્રચલિત અમાન્ત પંચાંગ અનુસાર, શ્રાવણ મહિનાનો અંત શ્રાવણ અમાસથી થાય છે. આ અમાસને ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સ્થાનિક રીતે ભાદરવી અમાસ તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે આ તિથિ ભાદરવા મહિનાના પ્રારંભ સાથે પણ જોડાયેલી છે. પરંતુ તકનીકી રીતે, તે શ્રાવણ મહિનાની છેલ્લી તિથિ છે. તેથી, એ વાત સાચી છે કે આ દિવસ શ્રાવણ મહિનાની અમાસ જ છે. ભાદરવી અમાસ અને નિષ્કલંક મહાદેવનો મેળો આપણી એક સદીઓ જૂની પરંપરા છે. ગુજરાતમાં ભાદરવી અમાસનું એક વિશેષ મહત્વ ભાવનગર નજીક આવેલા નિષ્કલંક મહાદેવના મેળાને કારણે પણ છે. આ મેળો શ્રાવણ મહિનાની અમાસના દિવસે ભરાય છે અને તેનું પૌરાણિક તેમજ સાંસ્કૃતિક મહત્વ ઘણું મોટું છે. પૌરાણિક કથા અનુસાર નિષ્કલંક મહાદેવ મંદિર પાંડવો સાથે જોડાયેલું છે. મહાભારતના યુદ્ધ બાદ પાંડવોને પોતાના હાથે થયેલા સંબંધીઓના સંહારનું પાપ લાગ્યું હતું. આ પાપમાંથી મુક્તિ મેળવવા માટે તેઓ ભગવાન કૃષ્ણ પાસે ગયા. શ્રીકૃષ્ણએ તેમને એક કાળી ગાય અને કાળી ધજા આપીને કહ્યું કે જ્યાં આ બંને સફેદ થઈ જાય, ત્યાં તમારું પાપ ધોવાઈ જશે. ભટકતા ભટકતા તેઓ કોળિયાક (નિષ્કલંક મહાદેવ) પહોંચ્યા. દરિયાકિનારે પહોંચતા જ ગાય અને ધજા બંને સફેદ થઈ ગયા. પાંડવોએ ત્યાં દરિયામાં સ્નાન કર્યું, જેનાથી તેમનું પાપ દૂર થયું. ત્યારબાદ પાંડવોએ ત્યાં સમુદ્રમાં પાંચ શિવલિંગની સ્થાપના કરી, જે આજે પણ દરિયામાં જોવા મળે છે. ‘નિષ્કલંક’નો અર્થ થાય છે ‘કોઈપણ પાપ કે કલંક વગરનું’. આ પાંચ શિવલિંગોની પૂજા કરવાથી ભક્તોના પાપ ધોવાઈ જાય છે એવી લોકવાયકા છે. મેળાનું સ્વરૂપ: દર વર્ષે શ્રાવણ મહિનાની અમાસના દિવસે અહીં ભવ્ય મેળો ભરાય છે. આ મેળામાં દેશભરમાંથી હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. ધજા ચડાવવાનો રિવાજ છે. ભાદરવી અમાસના દિવસે સવારે ભક્તો એક વિશાળ ધજા લઈને આવે છે, જેને મંદિરમાં ચડાવવામાં આવે છે. આ ધજાને નિષ્કલંક મહાદેવના પાંચ શિવલિંગ પર ફરકાવવામાં આવે છે. સમુદ્ર સ્નાન: શ્રદ્ધાળુઓ માટે આ મેળાનું મુખ્ય આકર્ષણ સમુદ્ર સ્નાન છે. અમાસના દિવસે સમુદ્રમાં ભરતી આવે ત્યારે શિવલિંગ પાણીમાં ગરકાવ થઈ જાય છે. ઓટ આવતા તે ફરીથી દેખાય છે. ભક્તો ઓટના સમયે શિવલિંગના દર્શન અને પૂજા કરે છે. પાપ ધોવા માટે દરિયામાં સ્નાન કરવાનો પણ મહિમા છે. પિતૃ શ્રાદ્ધમાં આ અમાસને પિતૃ મોક્ષ માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેથી, ઘણા લોકો પોતાના પૂર્વજોના આત્માની શાંતિ માટે અહીં પિંડદાન અને શ્રાદ્ધની વિધિ પણ કરે છે. આમ, ભાદરવી અમાસ એ માત્ર શ્રાવણ મહિનાનો અંતિમ દિવસ નથી, પરંતુ તે ભક્તિ, પૌરાણિક કથાઓ અને સંસ્કૃતિનો અદ્ભુત સંગમ છે, જે નિષ્કલંક મહાદેવના મેળા થકી વધુ ઉજાગર થાય છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૫ | ૧૬૬૬ |
| ઘઉં લોકવન | ૫૦૮ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૫૧૭ | ૫૯૪ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૮૦૦ |
| બાજરી | ૩૭૫ | ૪૫૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૩૫૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૭૫ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૯૭૦ |
| અડદ | ૧૨૫૫ | ૧૬૦૦ |
| મગ | ૧૨૩૦ | ૧૬૬૭ |
| વાલ દેશી | ૫૦૦ | ૯૨૦ |
| ચોળી | ૮૩૦ | ૧૪૦૦ |
| મઠ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૫૦૦ | ૨૧૬૦ |
| કળથી | ૫૪૦ | ૭૭૫ |
| રાજમા | ૯૦૦ | ૧૮૫૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૪૪૦ |
| મગફળી જાડી | ૯૩૫ | ૧૧૮૦ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૦૭૨ |
| તલી | ૧૪૨૫ | ૨૦૧૯ |
| એરંડા | ૧૨૬૦ | ૧૩૦૫ |
| અજમો | ૯૦૦ | ૧૪૬૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૯૭ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૨૫ |
| કાળા તલ | ૨૭૧૧ | ૪૩૦૦ |
| લસણ | ૬૨૦ | ૮૫૦ |
| ધાણા | ૧૨૩૫ | ૧૪૭૦ |
| ધાણી | ૧૩૦૦ | ૧૪૯૮ |
| વરીયાળી | ૭૮૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૭૩૪ |
| રાય | ૧૨૫૦ | ૧૬૫૦ |
| મેથી | ૮૪૦ | ૧૨૭૦ |
| કલોંજી | ૨૦૦૦ | ૪૦૬૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૮૦ |
| રજકાનું બી | ૭૭૦૦ | ૯૬૦૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૦૦ | ૮૦૦ |
| પપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૯૫ | ૩૫૦ |
| ટમેટા | ૩૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૪૦૦ | ૧૧૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૪૦૦ |
| મુળા | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૩૫૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૬૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦ | ૪૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૧૦૦ | ૨૦૦ |
| સરગવો | ૨૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૧૦૦ | ૩૦૦ |
| પરવર | ૩૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| કંટોળા | ૭૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૦૦ | ૩૦૦ |
| બીટ | ૧૦૦ | ૪૦૦ |
| મેથી | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૩૦૦ |
| મરચા લીલા | ૮૦ | ૨૫૦ |
| મગફળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૯૩૧ | ૧૬૨૬ |
| ઘઉં લોકવન | ૫૨૬ | ૫૬૮ |
| ઘઉં ટુકડા | ૫૩૬ | ૫૮૨ |
| મગફળી જીણી | ૭૬૧ | ૧૦૩૧ |
| સિંગદાણા જાડા | ૧૨૦૦ | ૧૩૩૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૩૧૬ |
| તલ કાળા | ૧૫૫૧ | ૪૪૦૧ |
| જીરૂ | ૨૪૦૧ | ૩૭૨૧ |
| કલંજી | ૩૧૦૧ | ૪૧૧૧ |
| વરીયાળી | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૭૧ |
| લસણ સુકું | ૪૯૧ | ૧૦૬૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૨૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૫૨૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૩૦૧ |
| રાય | ૧૪૬૧ | ૧૪૬૧ |
| મેથી | ૯૦૧ | ૯૦૧ |
| કાંગ | ૨૫૧ | ૬૦૧ |
| ગુવાર બી | ૪૧૧ | ૮૪૧ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૧૯૬ |
| સફેદ ચણા | ૧૧૭૧ | ૨૦૩૧ |
| મગફળી નવી | ૫૦૦ | ૧૦૨૬ |
| તલ - તલી | ૧૧૦૧ | ૨૧૦૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૭૧ |
| બાજરો | ૩૧૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૮૦૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૧૧ |
| મગ | ૧૧૭૬ | ૧૬૯૧ |
| ચણા | ૧૦૩૧ | ૧૧૯૧ |
| વાલ | ૭૦૧ | ૯૫૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૦૦૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૮૧ |
| ગોગળી | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૨૫૧ | ૨૨૫૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦ | ૫૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૬૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૬૦૦ |
| કાકડી | ૮૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૬૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૬૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૬ |
| કોથમીર પુરા | ૨ | ૧૫ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| કાચા કેળા | ૪૦૦ | ૫૬૦ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ચૂણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કંટોલા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૬૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૨૫ |
| બીટ પુરા | ૪ | ૧૨ |
| સરગવો પુરા | ૧૯ | ૩૦ |
| ચોરા | ૮૦ | ૬૦૦ |
| કારેલા | ૨૦ | ૨૪૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૭૬૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૩૮૦ | ૧૬૦૦ |
| ફણશી | ૨૦૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૮૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૮ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૬૪૫ | ૯૭૫ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૧૮૬ |
| શિંગ દાણા | ૧૧૦૦ | ૧૪૦૧ |
| શિંગ ફાડા | ૮૦૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૫૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૫૦૦ |
| તલ કાશ્મીરી | ૧૪૭૫ | ૨૧૫૦ |
| બાજરો | ૩૦૦ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૯૧ |
| ઘઉં લોકવન | ૫૨૮ | ૫૯૦ |
| મગ | ૮૯૦ | ૧૪૫૫ |
| ચણા | ૯૭૦ | ૧૧૯૨ |
| ચણા સફેદ | ૧૦૮૬ | ૧૧૯૦ |
| તુવેર | ૧૦૨૫ | ૧૨૮૦ |
| કપાસ | ૯૭૦ | ૧૬૭૨ |
| એરંડા | ૧૨૩૬ | ૧૨૭૪ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૫૯૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૦૨ |
| અજમા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મેથી | ૭૦૦ | ૮૮૬ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૨ |
| રજકાનુ બી | ૨૫૦૦ | ૭૩૫૨ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| રીંગણા | ૧૦૦ | ૧૨૦ |
| ફુલાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| ટામેટા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦ | ૧૦૦ |
| ગલકા | ૧૦૦ | ૨૫૦ |
| મુળો | ૨૦૦ | ૨૫૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૫૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણાં | ૨૨૦૦ | ૨૫૦૦ |
| ચોળા લીલા | ૨૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૧૬૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| શીંગ ઓળા | ૭૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૯૫ | ૨૯૫ |
| મરચા લીલા | ૬૦ | ૨૯૫ |
| ચીભડા | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૬૦ |
| લસણ લીલુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| લસણ સુકુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૭૦૦ |
| પાલક | ૩૦૦ | ૬૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ મોટી | ૯૦૦ | ૧૦૧૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૮૧ |
| તલ કાળા | ૩૭૦૦ | ૪૩૦૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૬૩૫ |
| જીરૂ | ૩૦૮૧ | - |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૮૦ |
| બાજરો | ૪૦૦ | ૭૭૦ |
| જુવાર | ૪૦૦ | ૬૦૦ |
| મગ | ૧૪૫૦ | ૧૫૮૦ |
| અડદ | - | - |
| ચણા | ૧૦૫૦ | ૧૧૨૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૪૦ |
| એરંડી | ૯૦૧ | - |
| ધાણા | ૧૦૧૫ | ૧૦૧૫ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૭૦૦ | ૧૦૩૬ |
| તલ સફેદ | ૧૬૯૧ | ૧૯૦૧ |
| તલ કાળા | ૩૭૭૧ | ૪૦૬૫ |
| તલ પીળા | - | - |
| કપાસ | ૧૪૧૫ | ૧૫૫૧ |
| બાજરો | ૩૬૭ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૬૧૦ |
| જુવાર | ૬૦૦ | ૮૬૭ |
| ચણા | ૭૬૬ | ૧૧૪૮ |
| સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |
| શિંગ દાણા | ૯૯૦ | ૧૫૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૭૦ | ૧૫૬૦ |
| મગફળી જી ૨૦ | ૯૮૫ | ૧૦૮૫ |
| ચણા | ૧૦૧૦ | ૧૧૪૦ |
| જીરૂ | ૨૮૭૦ | ૩૬૫૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૨૦ |
| તલ કાળા | ૨૩૨૫ | ૪૦૭૫ |
| મગ | ૧૨૭૦ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૧૪૯૦ | ૧૬૫૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| ચણા | ૧૧૦૧ | ૧૧૧૧ |
| તલ | ૧૫૨૦ | ૧૫૨૦ |
| શીંગ ફાડા | ૯૭૦ | ૯૭૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૦૧ | ૫૫૪ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૫૫ |
| સોયાબીન | ૮૨૬ | ૮૪૫ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૦૫ |
| શીંગ ફાડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ચણા | ૯૨૫ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૩૯૫ | ૧૯૨૫ |
| તુવેર | ૯૭૦ | ૯૭૦ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| મગ | ૧૧૬૦ | ૧૨૫૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| લસણ | ૩૦૦ | ૬૦૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી ૨૦ | ૭૫૦ | ૧૦૮૪ |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૫૮૬ |
| ઘઉં | ૫૦૦ | ૫૮૦ |
| જુવાર | ૬૦૦ | ૮૨૮ |
| અડદ | ૧૩૫૦ | ૧૫૩૩ |
| મગ | ૧૧૦૦ | ૧૬૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૩૩ |
| સફેદ તલ | ૧૪૦૦ | ૧૮૮૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૨૧૫ |
| સોયાબીન | ૮૦૦ | ૯૦૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૫ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૫૨૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૨૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૧ |
| મગ | ૧૦૦૧ | ૧૪૫૬ |
| ચણા | ૮૫૧ | ૧૧૩૬ |
| તુવેર | ૮૫૧ | ૧૨૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૧૦૧ |
| શિંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૮૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૦૦૧ |
| મેથી | ૫૦૦ | ૭૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૮૬ |
| સોયાબીન | ૭૦૧ | ૮૪૬ |

**જામનગર**

| | | |
|---|---|---|
| બાજરો | ૩૭૫ | ૪૨૫ |
| ઘઉં | ૫૨૦ | ૫૪૩ |
| મગ | ૧૩૦૦ | ૧૬૭૫ |
| તુવેર | ૬૦૦ | ૧૨૧૫ |
| ચોળી | ૬૦૦ | ૧૧૭૦ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૨૮ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૪૦ |
| મગફળી જીણી | ૫૦૦ | ૧૦૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૫ |
| તલ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૦૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૭૦ |
| રાઈ | ૧૨૦૦ | ૧૫૦૫ |
| લસણ | ૪૫૦ | ૮૨૫ |
| જીરૂ | ૨૬૫૦ | ૩૭૦૦ |
| અજમો | ૧૦૩૦ | ૩૧૭૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૪૦ |
| ધાણી | ૧૪૦૫ | ૧૪૪૫ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૩૬૦ |
| સીંગદાણા | ૧૦૦૦ | ૧૩૩૫ |
| સોયાબીન | ૪૫૦ | ૮૩૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૪૦૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| જુવાર | ૩૫૧ | ૬૬૫ |
| બાજરી | ૩૦૦ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૧૧ |
| મગ | ૯૩૫ | ૯૩૫ |
| ચણા | ૯૪૦ | ૧૧૪૭ |
| તલ સફેદ | ૧૩૮૧ | ૨૦૦૦ |
| તલ કાળા | ૧૯૦૦ | ૪૧૮૪ |
| જીરુ | ૨૫૮૦ | ૨૫૮૦ |
| ડુંગળી લાલ | ૧૧૪ | ૩૮૨ |
| ડુંગળી સફેદ | ૧૦૨ | ૪૪૦ |
| નાળીયેર | ૯૧૮ | ૩૪૦૨ |

## શબ્દ સંજોગ-૨૦૫૭



**આડી ચાવી :**
(૧) શરીર, કાયા (૨)
(૩) રમ્ય, મનોહર (૩)
(૫) તરંગ, લહેર (૨)
(૭) હોડ, કરાર (૩)
(૧૦) ઓડકાર (૩)
(૧૨) પૃથ્વી, વસુ (૩)
(૧૪) મંતર-જંતરનો દોરો (૩)
(૧૬) અમુક સમય (૨)
(૧૭) શેરી, મહોલ્લો (૨)
(૧૮) કાંઠો, કિનારો (૨)
(૨૦) એક બંદર (૩)
(૨૨) સૌરાષ્ટ્રની ભાષામાં ‘એ’ (૧)
(૨૩) નાદ, અવાજ (૨)
(૨૫) ઘોડીની એક જાત (૩)
(૨૭) પતંગના જામે (૨)
(૨૮) પ્રીતી, સ્નેહ (૨)
(૨૯) ...... જાયે પર વચન ન જાયે (૨)
(૩૦) ભાલા જેવું એક આયધ (૩)
(૩૧) એક વાદ્ય (૨)

**ઉભી ચાવી :**
(૧) બોધ, ઉપદેશ (૩)
(૨) દરેક, પ્રત્યેક (૨)
(૪) સંગીતનો એક તાલ (૩)
(૬) ખબર, અંતર (૩)
(૮) પક્ષનો આગેવાન (૩)
(૯) કાપીને મારવું તે (૨)
(૧૧) કામ, કારણ (૨)
(૧૩) વિના, સિવાય (૩)
(૧૪) હિસાબ ખરો છે કે ખોટો તેની તપાસ (૨)
(૧૫) ઝાળ, જવાલા (૨)
(૧૬) ઘેટું (૩)
(૧૭) એક ધાતુ (૩)
(૧૯) એક જાતનો ઉડતો સાપ (૩)
(૨૧) ધાતુનું એક પાત્ર (૨)
(૨૪) પ્રવાહ, ધારા (૩)
(૨૬) પ્રવાહી માપવાનું એકમ (૩)
(૨૭) તજવીજ, ગોઠવણ (૩)

## શબ્દ સંજોગ-૨૦૫૬ જવાબ

**આડી ચાવી:** (૧) સેવક (૩) સાદર (૬) ઉમા (૭) વિરાટ (૯) કાનન (૧૧) નટ (૧૩) મજા (૧૪) કોલું (૧૬) ડઝન (૧૮) દોરો (૧૯) અનુ (૨૦) રાજ (૨૨) શુકન (૨૪) ખનન (૨૬) લક્ષ્ય (૨૮) રીવેટ (૨૯) અનુકરણ.
**ઉભી ચાવી :** (૧) વચન (૩) સામાન (૪) રવિ (૫) ફેંટ (૮) રામ (૯) કાવડ (૧૦) નમન (૧૨) ટકોરો (૧૫) હનુમાન (૧૭) ઝલક (૧૮) દોજખ (૨૧) ભેખ (૨૨) શુગરી (૨૩) નલટ (ટનલ) (૨૫) નજર (૨૭) સાનુ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# આટકોટ બસ સ્ટેશન સામે ગંદકીથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

**ગંદકી દૂર કરવા ગ્રામ પંચાયત સમક્ષ રજૂઆત કરાઈ**

આટકોટ,તા.૨૨

આટકોટ ગામે એસ.ટી. બસ સ્ટેશન સામેના વિસ્તારમાં ભૂગર્ભ ગટર બંધ કરી દેવાતા ભારે ગંદકી ફેલાઈ છે, જેના કારણે સ્થાનિક રહીશો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગંદકીના કારણે રોગચાળો ફેલાવાનો ભય વધી રહ્યો છે, અને લોકોએ ગ્રામપંચાયતને તાત્કાલિક પગલાં ભરવા અપીલ કરી છે. આટકોટ ગ્રામપંચાયત દ્વારા આ વિસ્તારમાં ગંદકીની સમસ્યા દૂર કરવા માટે ભૂગર્ભ ગટરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.



તસવીર : કૃણાલ પોપટ

જોકે, અમુક સ્થાનિક રહીશોએ અંગત કારણોસર આ ગટરને બંધ કરી દેતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. રોગચાળાના ભયથી લોકોમાં ચિંતા વ્યાપી છે. ગટર બંધ થવાથી ગંદુ પાણી રસ્તા પર ફેલાઈ રહ્યું છે, જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. આ અસહ્ય ગંદકીના કારણે આ વિસ્તારમાં રહેતા લોકોમાં ડેન્ગ્યુ, મેલેરિયા જેવા રોગચાળાનો ભય સતાવી રહ્યો છે.

# મુખ્યમંત્રી પટેલ દ્વારા ગ્રામ પંચાયત ઘર માટે ૪૮૯.૯૫ કરોડ મંજૂર

ગાંધીનગર,તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામ પંચાયત ઘર કમ તલાટી-મંત્રી આવાસ યોજનામાં ૧૦૦ ટકા સેચ્યુરેશન લાવવાના હેતુસર રાજ્યમાં ૨૦૫૫ નવીન ગ્રામ પંચાયત ઘરો માટે ૪૮૯.૯૫ કરોડ રૂપિયાનું અનુદાન મંજૂર કર્યુ છે. ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થાનો મહત્વનો અને પાયાનો એકમ એવી ગ્રામ પંચાયતોને પોતિકા પંચાયત ઘર ઉપલબ્ધ થાય તેવો ઉદ્દેશ્ય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે



આ માતબર અનુદાન મંજૂર કરવામાં રાખ્યો છે. રાજ્યની જર્જરિત પંચાયત ઘર ધરાવતી અને પંચાયત ઘર ધરાવતી ન હોય તેવી ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘર તેમજ તલાટી કમ મંત્રી આવાસ નિર્માણ માટે રાજ્ય સરકારના પંચાયત વિભાગ દ્વારા દર વર્ષે બજેટમાંથી નાણાં ફાળવવામાં આવે છે અને જરૂરીયાત મુજબ પંચાયત ઘરોનું નિર્માણ પણ થાય છે. તદઅનુસાર, ૧૦ હજારથી વધુ વસ્તીવાળા ગામોને રૂ.૪૦ લાખ, ૫ થી ૧૦ હજાર સુધીની વસ્તી ધરાવતા ગામોને રૂ.૩૪.૮૩ લાખ અને ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામોને ૨૫ લાખ રૂપિયાનું અનુદાન ગ્રામ પંચાયત ઘર-તલાટી કમ મંત્રી આવાસ બનાવવા માટે અપાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં પ્રથમવાર એકસાથે રાજ્યની ૨૦૫૫ ગ્રામ પંચાયતોમાં નવીન પંચાયત ઘર માટે જે તે ગામની વસ્તી આધારિત યુનિટ કોસ્ટ મુજબ સમગ્રતયા ૪૮૯.૯૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે તેના પરિણામે મોટા ભાગની ગ્રામ પંચાયતો માટે આ વર્ષમાં જ પોતાના મકાનોનું નિર્માણ કાર્ય હાથ ધરી શકશે.

# ઉનાના સનખડા-ખત્રીવાડા રોડ પર પાણી ભરાતાં બન્ને ગામ સંપર્ક વિહોણા

ઉના,તા.૨૨



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના તાલુકાના સનખડા ગામના પાદરમાંથી પસાર થતો સનખડાથી ખત્રીવાડાનો માર્ગ વરસાદના પાણીથી ભરાઈ જતાં બન્ને ગામના લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ રસ્તા પર દર વર્ષે નદીની જેમ પાણી વહેવા લાગે છે, જેના કારણે વાહનવ્યવહાર ઠપ્પ થઈ જાય છે. આ સ્થિતિને કારણે એમ્બ્યુલન્સ સેવા પણ બંધ થઈ જાય છે, જે કટોકટીના સમયે જીવલેણ સાબિત થઈ શકે છે. ઉના તાલુકા પંચાયતના ઉપપ્રમુખના પ્રતિનિધિ ગોહિલ હનુભા અને સનખડા તથા ખત્રીવાડા ગામના સરપંચ જીતેન્દ્રભાઈ શિયાળ દ્વારા આ સમસ્યાના કાયમી ઉકેલ માટે રજૂઆત કરવામાં આવી છે.

# ક્રોધ એ અગ્નિ છે જે બીજાને નહીં, પરંતુ પોતાને બાળે છે: થર્સ ડે થોટમાં બ્રહ્માકુમારી તૃપ્તિબેનનું પ્રેરણાદાયી પ્રવચન

સુરત, તા. ૨૨

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતનો તા.૨૧-૦૮-૨૦૨૫ ના રોજ જમનાબા ભવન ખાતે ૧૨૪ મો થર્સ-ડે થોટ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, જીવનનું અંતિમ લક્ષ ખુશી છે પરંતુ ખુશી પછીનું એક સ્થાન છે તે પરમ શાંતિ, પરમ શાંતિને પામવા માટે મનને સમજવું પડે અને જીવનને ઘડવું પડે છે.




પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના વરાછા સેન્ટરના બી.કે. તૃપ્તિબેને જીવન અને શાંતિ વિષય પર પ્રવચન આપતાં જણાવ્યું હતું કે ક્રોધ એ એક એવો અગ્નિ છે જે બીજાને નહીં, પરંતુ પોતાને જ બાળે છે. તેમણે વધુમાં જણાવ્યું કે આત્માના પ્રકાશને અનુભવવો એટલે પરમ શાંતિનો અનુભવ કરવો. તેમણે કહ્યું કે, વિચારોને ધીમી ગતિએ અનુભવવા એ જ સાચી શાંતિ છે. જીવનમાં અચાનક આવતી મુશ્કેલીઓના સમયે શાંતિ જાળવવી એ જ સાચી શક્તિ છે. રોજિંદા જીવનમાં શાંતિનો અનુભવ કરવા માટે તેમણે નો કમ્પેરીઝન, નો કોમ્પેટીશન, નો ક્રીટીઈઝમ અને નો કરેકશન એમ ચાર મહત્વના મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો.

# ભારે વરસાદની આગાહીને પગલે લાઠી-બાબરાના ધારાસભ્ય જનક તળાવીયા મત વિસ્તારની મુલાકાતે

લાઠી,તા.૨૨



હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહીને પગલે લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા શુક્રવારે તેમના મત વિસ્તારના ગામડાઓનો પ્રવાસ ખેડી લોકોને મળ્યા હતા. આ દરમિયાન તેમણે પોતાના કાર્યાલય ખાતે બેઠક પણ યોજી હતી. તેમણે જનસંપર્ક કાર્યાલય ખાતે સામાન્ય માણસોને મુશ્કેલી ન પડે તે બાબતે આયોજન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન, તેમણે ગ્રામજનોના હાલચાલ પૂછીને તેમની સમસ્યાઓ અને જરૂરિયાતો વિશે માહિતી મેળવી હતી. ધારાસભ્યએ લોકોને સુરક્ષિત રહેવા અને સરકારી તંત્ર દ્વારા અપાયેલી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી હતી.

# રાજકોટ-ભાવનગર હાઈવે પર મસમોટા ખાડા : વાહનચાલકોને અકસ્માતનો ભય

જસદણ,તા.૨૨

રાજકોટ અને ભાવનગરને જોડતા આટકોટ-વિરનગર હાઈવે પર ઠેર ઠેર મસમોટા ખાડા પડી ગયા છે. જેના કારણે વાહનચાલકો માટે આ માર્ગ અત્યંત જોખમી બન્યો છે અને અકસ્માતનો ભય વધી રહ્યો છે. સ્થાનિક લોકો અને વાહનચાલકો દ્વારા તંત્રને તાત્કાલિક આ રોડનું સમારકામ કરવા માટે માંગ કરવામાં આવી છે. આ મુખ્ય માર્ગ પરથી દરરોજ



હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનો પસાર થાય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી રોડની જાળવણીના અભાવે ખાડાઓનું સામ્રાજ્ય ફેલાયું છે. ચોમાસામાં પરિસ્થિતિ વધુ વણસી છે, કારણ કે ખાડાઓમાં પાણી ભરાઈ રહેવાથી તેની ઊંડાઈનો અંદાજ આવતો નથી, જેના કારણે અકસ્માત થવાની શક્યતા વધી ગઈ છે. આ પરિસ્થિતિને કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને રાત્રીના સમયે અજાણ્યા વાહનચાલકો માટે આ માર્ગ જીવલેણ સાબિત થઈ શકે છે. સ્થાનિક આગેવાનોએ તંત્રને રજૂઆત કરતા જણાવ્યું છે કે જો તાત્કાલિક ધોરણે આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં નહિ આવે તો ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

# પાકિસ્તાનની જેલમાં કેદ ઉના તાલુકાના માછીમારોને મુક્ત કરાવવા પરિજનોએ મંત્રીને રજૂઆત કરી

ગીર સોમનાથ,તા.૨૨

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના માછીમાર પરિવારોએ મત્સ્યોદ્યોગ મંત્રી પુરુષોત્તમભાઈ સોલંકીની તેમના દેલવાડા સ્થિત નિવાસે મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં કોડીનાર, ઉના, સુત્રાપાડા અને દીવ વિસ્તારના માછીમાર પરિવારોએ પાકિસ્તાનની જેલમાં કેદ



તસવીર : કૈલાશ ભટ્ટ

તેમના સ્વજનોની મુક્તિ માટે રજૂઆત કરી હતી. આ દરમિયાન ગીર સોમનાથ જિલ્લા અને જૂનાગઢ જિલ્લા કોળી સેનાના પ્રમુખ દીપાબેન બાંભણીયા, બાબુભાઈ સોલંકી અને દીવના માછીમાર અગ્રણી છગનભાઈ બાંભણીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પરિવારોએ જણાવ્યું કે તેમના ઘરના મોભી છેલ્લા પાંચ વર્ષથી પાકિસ્તાનની જેલમાં બંધ છે. પુરુષોત્તમભાઈએ આ પરિવારોને ખાતરી આપી કે તેમની વ્યથા રાજ્ય અને કેન્દ્ર સરકાર સુધી પહોંચાડશે અને તેમની વહેલી તકે મુક્તિ માટે તમામ પ્રયત્નો કરવાનું આશ્વાસન આપ્યું હતું.

# શીતલ આઈસ્ક્રીમ પરિવાર દ્વારા ભાદરવી અમાસે પિતૃ તર્પણ માટે અમરેલીમાં વિશેષ વ્યવસ્થા

અમરેલી, તા.૨૨

ભાદરવી અમાસ નિમિત્તે પિતૃ તર્પણ કરવા માટે અમરેલી કૈલાસ મુક્તિધામ, કેરીયા રોડ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. શીતલ આઈસ્ક્રીમ પરિવાર તથા **DJBS Foundation**ના સહયોગથી આ સેવાનું આયોજન થયું છે. પિતૃ તર્પણ માટે આવતા શ્રદ્ધાળુઓને સુવિધા, પ્રસાદ તથા



જરૂરી વ્યવસ્થા પૂરતી કરવામાં આવી છે. સંસ્થા તરફથી અપીલ કરવામાં આવી છે કે વધુમાં વધુ લોકો આ ધાર્મિક અને પાવન કાર્યમાં જોડાઈને પિતૃ તર્પણનો લાભ લે. આ સેવાકીય કાર્યને લઈને શ્રદ્ધાળુઓમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ગીર સોમનાથમાં ભારે વરસાદથી પ્રાચીન માધવરાયજી મંદિર જળમગ્ન



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના,તા.૨૨

ગીર સોમનાથમાં મેઘરાજાની તોફાની એન્ટ્રી બાદ પ્રાચીની સરસ્વતી નદીમાં સિઝનનું પહેલું ઘોડાપૂર આવ્યું. ગત મોડી રાત્રે પડેલા ભારે વરસાદથી નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. સિઝનનું પહેલું પૂર આવતા પ્રાચીના માધવરાયજી મંદિર જળમગ્ન થઈ ગયું. આ અદ્ભુત નજારો જોવા માટે મોટી સંખ્યામાં ભક્તો અને નગરજનો નદી કિનારે ઉમટી પડયા હતા.

# ગીરગઢડાનું નાગડિયા ગામ સંપર્ક વિહોણું બન્યું: શાહી નદીના બેઠા પુલ પર આખલાપૂર

ગીર સોમનાથ,તા.૨૨

ગીરગઢડા અને ઉના પંથકમાં ગઈકાલ રાતથી મેઘરાજાની સખત હાજરી જોવા મળી રહી છે. ઉપરવાસના ગીર જંગલ વિસ્તારમાં વ્યાપક વરસાદને કારણે શાહી નદીમાં ઘોડાપૂર આવ્યું છે, જેના પરિણામે ગીરગઢડા તાલુકાના નાગડિયા ગામનો સંપર્ક કપાઈ ગયો છે. આ કારણે ગામમાંથી કોઈ બહાર જઈ શકતું નથી કે બહારથી કોઈ



ગામમાં આવી શકતું નથી. નાગડિયા ગામના સરપંચ હરેશ બલદાણીયાએ ગ્રામજનોને સતર્ક રહેવા જણાવ્યું છે અને મામલતદારને પણ તાત્કાલિક સ્થિતિથી વાકેફ કર્યા છે. વિશેષમાં, ગીરગઢડાના પડાપાદર ગામમાં એક કલાકમાં ૩ ઈંચ અને ભડિયાદરમાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.


-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.96/2025

**પ્રતિ,**
શ્રી લલિતાબેન શશીકાંત સોલંકી,
રહે. મુળદ્વારકા, ગામ- મુળદ્વારકા,, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી, જી.પી.રાઠોડ કોડીનાર** .....**અરજદાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ શશીકાંત નથુભાઈ સોલંકી તથા લલિતાબેન શશીકાંત સોલંકીના પુત્રી ભાગ્યવતી શશીકાંત સોલંકીનો જન્મ તારીખ **05/04/1998** ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા, તાલુકો- કોડીનાર સને.**1998** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૧/૦૮/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(ડી.જિ.વરમોરા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી નં.૪૪-૪૫/૨૦૨૫

અરજદાર :- શ્રી પરમાર લીલાબેન શંકરભાઈ
રહે. જેસીંગપરા શેરી નં.૨,
અમરેલી, તા.જી.અમરેલી.
**વિરૂધ્ધ**
સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં પરમાર લીલાબેન શંકરભાઈ તેમના પુત્રશ્રી રવી શંકરભાઈ પરમારનો જન્મ (તા.૩૧/૦૫/૨૦૨૧૬) તથા પુત્રીશ્રી પુજા શંકરભાઈ પરમારનો જન્મ (તા.૧૮/૦૭/૨૦૧૭)નું ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(એચ.એમ.તલાટી)**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**



**જાહેર નોટીસ**

**અમરેલીના મહે. સેકન્ડ એડિશ્નલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.અમરેલી.**

દિ.પ.અ.નં.૧૨૩/૨૦૨૪
મુ. તા. ૧૬/૦૯/૨૦૨૫

અરજદાર :- ચિમનભાઈ ગોપાલજીભાઈ ગઢીયા ઉ.વ.૭૦
રહે. સાજીયાવદર તા.જી. અમરેલી
**વિરૂધ્ધ**
સામાવાળા :- મધુભાઈ રામજીભાઈ બોરડ ઉ.વ. ૬૦,
રહે. સાજીયાવદર તા. અમરેલી જી. અમરેલી

અરજદારના વકીલ- શ્રી એચ.સી.ધાનાણી.

આથી આ જાહેર નોટિસથી સૌ કોઈ લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારે નામદાર કોર્ટ સમક્ષ રેગ્યુલર દિવાની મુકદમા નં. ૧૨૧/૨૦૨૧ થી દાવો દાખલ કરેલ છે જે દાવો તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ સેકન્ડ એડી. સિવિલ જજ અને જે.એમ.એફ.સી અમરેલીએ વાદીની ગેરહાજરી બદલ કાઢી નાખવાનો હુકમ કરેલ છે. જે દાવા તથા તે લગત હુકમની અમોએ તા. ૧૮/૧૨/૨૦૨૪ ના રોજ નકલો મેળવી રેગ્યુલર દિવાની મુકદમા નં. ૧૨૧/૨૦૨૧ દાવો કરી ફાઈલે લેવા હાલની આ અરજ ગુજારેલ છે. જે અરજના કારણો નીચે મુજબ છે, જે લક્ષમાં લેવા મે. થશે.

આ કામના અમો વાદીએ નામદાર કોર્ટ સમક્ષ રેગ્યુલર દિવાની મુકદમા નં. ૧૨૧/૨૦૨૧ થી દાવો દાખલ કરી વાદી ચિમનભાઈ ગોપાલજીભાઈ ગઢીયા અમરેલી સમક્ષ આ કામના પ્રતિવાદીએ મધુભાઈ રામજીભાઈ બોરડ સામે સ્પેસીફીક રીલીફ એકટ કલમ-૧૨,૨૦,૨૧,૨૨ તથા ૩૪ સી.પી.સી કલમ-૯ અન્વયે રૂ. ૨૧,૦૦,૦૦૦/- ના આંકથી બાનાખતનો વિશેષ અમલવારી અને હકક સ્થાપન અને વિજ્ઞાપનની તાકીદની દાદ મેળવવા માટે પ્રતિવાદી સામે દાવો દાખલ કરેલ છે.

જેની સામે જે કોઈને વાંધો કે તકરાર હોય તો તેણે અત્રેની અદાલત (રૂમ નં.૨૨૧) માં મુ.તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અચુક હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયે સદર કામે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

આજ રોજ તા. ૨૧ માહે ઓગસ્ટ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

| સહી | સહી | | સહી |
|---|---|---|---|
| (તૈયાર કરનાર) | (મુકાબલ કરનાર) | કોર્ટનો સિક્કો | હુકમથી |
| (એલ.કે.ગોહેલ) | (ડી.સી.ગોલા) | | (જે.એમ.જોષી) |
| આસિસ્ટન્ટ | શીરસ્તેદાર | | રજિસ્ટ્રાર |

રજિસ્ટ્રાર. પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ, અમરેલી.


# ફુલકા ગામે ૧૦૦ ફૂટ ઉંડા કૂવામાં ખાબકેલી દીપડીનું રેસ્ક્યૂ

ગીરગઢડા,તા.૨૨

ગીરગઢડા તાલુકાના ફુલકા ગામમાં દુદાભાઈ માલાભાઈ ડાભી નામના ખેડૂતની વાડીમાં આવેલા ૧૦૦ ફૂટ ઊંડા કૂવામાં એક દીપડી ખાબકી હોવાની ઘટના સામે આવી છે. આ અંગે જસાધાર વન વિભાગની રેસ્ક્યૂ ટીમ, આર.એફ.ઓ. એલ.બી. ભરવાડ અને ફોરેસ્ટર હિતેષ બારોટ સહિતની ટીમે કૂવામાંથી દીપડીને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી.

# ટ્રમ્પના ભારત પરના ટેરિફને ‘ગુંડાગીરી’ ગણાવી ચીને અમેરિકાનો વિરોધ કર્યો

બીજીંગ,તા.૨૨

ચીનના રાજદૂત શુ ફેઈહોંગે ભારત સાથે મજબૂત મિત્રતા અને સહયોગની હિમાયત કરતા, ભારત પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ભારે ટેરિફને ’ગુંડાગીરી’ ગણાવી. તેમણે કહ્યું કે અમેરિકાએ ભારત પર ૫૦% સુધીના ટેરિફ લાદ્યા છે અને તેમાં વધુ વધારો કરવાની ધમકી આપી છે, જેનો ચીન સખત વિરોધ કરે છે. ફેઈહોંગે કહ્યું, ’અમેરિકા



લાંબા સમયથી મુક્ત વેપારનો લાભ લઈ રહ્યું છે, પરંતુ હવે તે ટેરિફનો ઉપયોગ હથિયાર તરીકે કરી રહ્યું છે. ચૂપ રહેવાથી આ ગુંડાગીરીને વધુ પ્રોત્સાહન મળશે. ચીન ભારતની સાથે મજબૂત રીતે ઉભું છે.’ ચીનના રાજદૂતે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં કહ્યું કે ભારત અને ચીન જેવા બે મોટા પડોશી દેશો વચ્ચે એકતા અને સહયોગ વિકાસનો માર્ગ છે. તેમણે કહ્યું, ’આપણા બંને દેશો એશિયાના બે એન્જિન છે. આપણી મિત્રતા ફક્ત આપણા માટે જ નહીં પરંતુ સમગ્ર એશિયા અને વિશ્વ માટે ફાયદાકારક છે. ભારત અને ચીને પરસ્પર વિશ્વાસ વધારવો જોઈએ અને વાતચીત દ્વારા મતભેદો ઉકેલવા જોઈએ. આપણે હરીફ નથી, પરંતુ ભાગીદાર છીએ.’

# બિહાર પહોંચેલા પીએમ મોદી સાથે મંચ પર આરજેડીના બે ધારાસભ્ય દેખાયા

ગયા,તા.૨૨

બિહારમાં વિપક્ષના અનેક ધારાસભ્યો પલડું બદલી શકે છે. જેનો સંકેત શુક્રવારે ગયામાં પીએમ મોદીની રેલી દરમિયાન મળ્યો છે. વડાપ્રધાન મોદીની રેલીમાં મંચ પર આરજેડીના બે ધારાસભ્યો જોવા મળ્યા છે. નવાદામાંથી આરજેડીના ધારાસભ્ય વિભા દેવી અને રાજૌલી ધારાસભ્ય પ્રકાશ વીર એનડીએના નેતાઓ સાથે મંચ શેર કરી રહ્યા હતાં. જાણકારી



અનુસાર, વડાપ્રધાન મોદી જ્યારે ગયાજી પહોંચ્યા હતાં, ત્યારે મંચ પર નવાદામાંથી આરજેડીના વર્તમાન ધારાસભ્ય વિભા દેવી અને રાજૌલી ધારાસભ્ય પ્રકાશ વીરને મળ્યા હતાં. વિભા દેવી હાલમાં જ જેલમાંથી મુક્ત થયેલા બાહુબલી રાજ બલ્લભ યાદવની પત્ની છે. આરજેડીના બંને ધારાસભ્ય એનડીએના કોઈ પણ પક્ષમાં સામેલ થઈ શકે છે. બંને ધારાસભ્યોએ આરજેડીમાંથી હાલ અંતર જાળવ્યું છે. જણાવવામાં આવ્યું છે કે, એનડીએના મંચ પર આરજેડીના બે ધારાસભ્યોની ઉપસ્થિતિથી રાજકારણમાં હડકંપ મચ્યો છે. ગયામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન ધારાસભ્ય વિભા દેવી અને પ્રકાશ વીર મંચ પર બેઠા હતાં. તેમની ઉપસ્થિતિએ આરજેડી છોડવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

# મુખ્યમંત્રી રેખા ગુપ્તાના કાર્યક્રમમાં ફરી હોબાળો, પોલીસે બે લોકોની ધરપકડ કરી

નવીદિલ્હી,તા.૨૨

મુખ્યમંત્રી રેખા ગુપ્તાના કાર્યક્રમમાં ફરી હોબાળો થયો છે. કહેવામાં આવી રહ્યું છે કે મુખ્યમંત્રી રેખા ગુપ્તા હોલસેલ રેડીમેડ ગાર્મેન્ટ ડીલર્સ એસોસિએશન દ્વારા આયોજિત વાસ્ત્રિકા ૨૦૨૫ કાર્યક્રમમાં ભાગ લેવા માટે અશોક બજાર ગાંધી નગર પહોંચ્યા હતા. અહીં એક વ્યક્તિ સૂત્રોચ્ચાર કરીને હોબાળો મચાવી રહ્યો હતો. પોલીસ બેરિકેડિંગની બહાર કસ્ટડીમાં લેવાયેલા વ્યક્તિની પૂછપરછ કરી રહી છે. એવું જાણવા મળ્યું છે કે હોબાળો મચાવનારા શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. જાહેર સુનાવણીમાં મુખ્યમંત્રી પર થયેલા હુમલા બાદ રેખા ગુપ્તા પહેલીવાર જાહેર કાર્યક્રમમાં હાજરી આપવા માટે ઘરની બહાર આવ્યા હતા. સ્થાનિક સાંસદ હર્ષ મલ્હોત્રા, સ્થાનિક ધારાસભ્ય અરવિંદ સિંહ લવલી, કાઉન્સિલરો અને ગાંધીનગર બજારના તમામ વેપારીઓ કાર્યક્રમમાં હાજર હતા.

# વાયનાડમાં આરોગ્ય પ્રોજેક્ટ ઝડપી બનાવવા પ્રિયંકા ગાંધી કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાને મળ્યા

નવીદિલ્હી,તા.૨૨

સંસદનું ચોમાસુ સત્ર સમાપ્ત થઈ ગયું છે. આ સત્રમાં, વિપક્ષ દ્વારા ઘણો હોબાળો થયો હતો, જેના કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી વારંવાર ખોરવાઈ હતી. સત્ર દરમિયાન, ઘણી વખત શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી. તે જ સમયે, હવે તમામ રાજકીય પક્ષોએ ૯ સપ્ટેમ્બરે યોજાનારી ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે



તૈયારીઓ શરૂ કરી દીધી છે. જોકે, આ તમામ રાજકીય ઘટનાક્રમ વચ્ચે, પ્રિયંકા ગાંધી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાને મળ્યા હતા. એક્સ પર બનાવેલી પોસ્ટમાં માહિતી આપતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે તેઓ જેપી નડ્ડાને મળ્યા અને તેમને વાયનાડમાં કેટલાક આરોગ્ય પ્રોજેક્ટ્સ ઝડપી બનાવવા વિનંતી કરી. પ્રિયંકા ગાંધીએ જેપી નડ્ડા સાથે વાત કરી હતી. માનન્થવાડીમાં મેડિકલ કોલેજના અભાવે સ્થાનિક લોકોને પડી રહેલી ગંભીર સમસ્યાઓથી વાકેફ કર્યા, જે હજુ સુધી કાર્યરત નથી. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે વાયનાડની આદિવાસી વસ્તી માટે સારી આરોગ્યસંભાળની જરૂરિયાત છે.

# પીએમ મોદીએ પ.બંગાળમાં ૫૨૦૦ કરોડના વિકાસ કામની ભેટ આપી

ન્યૂ દિલ્હી,તા.૨૨

પીએમ નરેન્દ્ર મોદીએ ૨૨ ઓગસ્ટના રોજ કોલકાતામાં રાજ્યને ૫૨૦૦ કરોડ રૂપિયાના વિકાસ કામની ભેટ આપી હતી. શહેરી જોડાણ સુધારવા માટે મોદી ૧૩.૬૨ કિ.મી. લંબાઈના ત્રણ નવા મેટ્રો રૂટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ઉપરાંત, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા માટે, તેઓ ૧૨૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનનારા છ લેનના એક્સપ્રેસ વેનો શિલાન્યાસ પણ કર્યો. આ એક્સપ્રેસ વે ૭.૨ કિમી લાંબો હશે. આનાથી હાવડા, આસપાસના ગ્રામીણ વિસ્તારો અને કોલકાતા વચ્ચે કનેક્ટિવિટી વધશે. આનાથી મુસાફરીનો સમય બચશે અને આ ક્ષેત્રમાં વ્યવસાય અને પર્યટનને વેગ મળશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ કાર્યક્રમમાં હાજરી આપી નહોતી.

# દિલ્હીમાં સીબીઆઈ અધિકારી હોવાનો દાવો કરતી મહિલા સહિત ચાર લોકોએ રોકડની લૂંટ ચલાવી

નવીદિલ્હી,તા.૨૨

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કરોડોની લૂંટનો મામલો પ્રકાશમાં આવ્યો છે. વિવેક વિહારમાં એક મહિલા સહિત લૂંટારુઓની ટોળકીએ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અધિકારીઓ તરીકે ઓળખાવીને એક ઉદ્યોગપતિની ઓફિસમાંથી લગભગ ૨.૩ કરોડ રૂપિયા લૂંટી લીધા. કેસ વિશે વધુ માહિતી આપતાં પોલીસે જણાવ્યું કે




ફરિયાદી મનપ્રીત ગાઝિયાબાદના ઈન્દિરાપુરમનો રહેવાસી છે. તે ફાઈનાન્સ, પ્રોપર્ટી ડીલિંગ અને ઘરોના બાંધકામમાં સામેલ છે. પોલીસે જણાવ્યું કે મનપ્રીતે કહ્યું કે વિવેક વિહાર સ્થિત બિલ્ડિંગમાં લગભગ ૨.૫ કરોડ રૂપિયાની ધંધાકીય કમાણી રાખવામાં આવી હતી. ૧૯ ઓગસ્ટના રોજ, તેણે તેના મિત્ર રવિ શંકરને ત્યાંથી ૧.૧૦ કરોડ રૂપિયા તેના નિવાસસ્થાને લાવવા કહ્યું. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (શાહદરા) પ્રશાંત ગૌતમે જણાવ્યું હતું કે, “શંકર રોકડ ભરેલી બેગ લઈને બહાર આવતાની સાથે જ બે કારમાં બેઠેલા એક મહિલા સહિત ચાર લોકોએ તેને રોક્યો અને સીબીઆઈ અધિકારી હોવાનો દાવો કર્યો.

# અમેરિકામાં ૭.૪ની તીવ્રતાના ભૂકંપના જોરદાર આંચકા પછી સૂનામીનો ભય

વોશિગ્ટન,તા.૨૨

અમેરિકામાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. શુક્રવારે ડ્રેક પેસેજ ક્ષેત્રમાં એક શક્તિશાળી ભૂકંપ આવ્યો છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૭.૪ નોંધાઈ છે. ભૂકંપના આંચકા પછી, સુનામીનો ભય રહેવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, આ ભૂકંપ ભારતીય



સમય મુજબ સવારે ૦૭:૪૬ વાગ્યે ૨૨ સેકન્ડે આવ્યો હતો. તેનું કેન્દ્ર અક્ષાંશ ૬૦.૨૬ દક્ષિણ, રેખાંશ ૬૧.૮૫ પશ્ચિમમાં હતું. ભૂકંપની ઊંડાઈ ૩૬ કિમી નોંધાઈ હતી. તેનું સ્થાન ડ્રેક પેસેજ ખાતે છે. ડ્રેક પેસેજ દક્ષિણ અમેરિકા અને એન્ટાર્કટિકા વચ્ચે સ્થિત છે. પ્રારંભિક અહેવાલોમાં, યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે આ ભૂકંપની તીવ્રતા ૮.૦ હોવાનું જણાવ્યું હતું, પરંતુ બાદમાં તેને સુધારીને ૭.૪ કરવામાં આવ્યું હતું. આ વિસ્તાર ભૂકંપીય પ્રવૃત્તિઓ માટે સંવેદનશીલ માનવામાં આવે છે, કારણ કે તે દક્ષિણ અમેરિકન અને એન્ટાર્કટિક ટેક્ટોનિક પ્લેટોના જંકશન પર સ્થિત છે.

# ૨૫ ઓગસ્ટથી બિહારમાં ટ્રાન્સપોર્ટરો અનિશ્ચિત હડતાળ ઉપર ઉતરશે

મુઝફ્ફરપુર,તા.૨૨

બિહારના ટ્રાન્સપોર્ટરો તેમની માંગણીઓ અંગે ૨૫ ઓગસ્ટથી અનિશ્ચિત હડતાળ પર જઈ શકે છે. અનિશ્ચિત હડતાળ પર જતા પહેલા, ટ્રાન્સપોર્ટરો તેમની માંગણીઓ અંગે ૨૪ ઓગસ્ટે સરકાર સાથે વાતચીત કરશે. બિહાર મોટર ટ્રાન્સપોર્ટ ફેડરેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે જો સરકાર તેમની માંગણીઓ સ્વીકારે છે, તો હડતાળ



પાછી ખેંચી લેવામાં આવશે. જો વાટાઘાટો સફળ નહીં થાય, તો અમે ૨૫ ઓગસ્ટથી હડતાળ પર જઈશું. બિહાર મોટર ટ્રાન્સપોર્ટ ફેડરેશનના અધિકારીઓએ આ માહિતી આપી હતી.

# સવાઈ માધોપુર : સુરવાલ ડેમમાં હોડી પલટી જતા ૧૦ લોકો ડૂબ્યા, ૪ને બચાવી લેવાયા

જયપુર,તા.૨૨

રાજસ્થાનના સવાઈ માધોપુરના સુરવાલ ડેમમાં હોડી પલટી જવાથી એક મોટો અકસ્માત થયો હતો. બોટમાં ૮ થી ૧૦ લોકો હતા. આ અકસ્માત ડેમના પતરામાં લપેટાઈ ગયા બાદ થયો હતો. અત્યાર સુધીમાં ૩ થી ૪ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. બાકીના લોકોને બચાવવા માટે NDRF ટીમને બોલાવવામાં આવી છે. સ્થળ પર હાજર ગ્રામજનોએ લોકોને બચાવવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ ફક્ત ૩ થી ૪ લોકોને જ બચાવી શક્યા.સવાઈ માધોપુરમાં હોડી પલટી જવાથી લગભગ ૧૦ લોકો સુરવાલ ડેમમાં ડૂબી ગયા હતા. સ્થળ પર હાજર ગ્રામજનોએ લોકોને બચાવવાનો પ્રયાસ કર્યો. લોકો ઘણી મહેનત પછી ૩ થી ૪ લોકોને બચાવવામાં સફળ રહ્યા. સ્થાનિક લોકોએ જણાવ્યું કે બાકીના લોકો મળી શક્યા નથી.

# એસઆઈઆર મુદ્દે સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષોની ઝાટકણી કાઢી

ન્યુ દિલ્હી,તા.૨૨

સુપ્રીમ કોર્ટે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) મામલે ચૂંટણી પંચની દલીલ સાંભળ્યા બાદ રાજકીય પક્ષોની આકરી ઝાટકણી કાઢી છે. પંચે કોર્ટમાં કહ્યું છે કે, રાજકીય પાર્ટીઓ SIR મામલે સવાલો ઉઠાવી રહી છે, પરંતુ તેઓએ હજુ સુધી ચૂંટણી પંચમાં એક પણ વાંધા અરજી



નોંધાવી નથી. રાજકીય પક્ષો પાસે કુલ ૧.૬૧ લાખ બૂથ લેવલ એજન્ટો છે, આમાંથી એક બીએલએ એક દિવસમાં ૧૦ જેટલી વાંધા અરજી દાખલ કરી શકે છે, તેમ છતાં તેઓએ અરજી કરી નથી. બીએલએને સમયની કોઈ સમસ્યા નથી. પંચે એમ પણ કહ્યું કે, એક ઓગસ્ટ બાદ ૨.૬૩ લાખ નવા મતદારોએ મતદાર યાદીમાં રજિસ્ટ્રેશન કરાવવા માટે અરજી દાખલ કરી છે.

# સિરિયલ ‘અનુપમા’ ટીઆરપી વોરમાં ટોચ ઉપર, ‘તારક મહેતા’ શો બીજા નંબરે રહ્યો

મુંબઈ,તા.૨૨

ટીઆરપી યાદી એ એક માપદંડ છે જેના દ્વારા જાણી શકાય છે કે કઈ સિરિયલ દર્શકોમાં લોકપ્રિય છે. આ વખતે ૩૨મા અઠવાડિયાની ટીઆરપી યાદીમાં, રૂપાલી ગાંગુલીની સિરિયલ ’અનુપમા’ ટોચના સ્થાને રહી છે. એક લોકપ્રિય કોમેડી શોએ પણ ટીઆરપી યાદીમાં પોતાનું સ્થાન સુધાર્યું છે. આજકાલ રૂપાલી ગાંગુલીની સિરિયલ ’અનુપમા’માં ઘણો ફેમિલી ડ્રામા



ચાલી રહ્યો છે. એવું લાગે છે કે દર્શકોને આ ફેમિલી એંગલ ગમ્યું છે. ૩૨મા અઠવાડિયાની ટીઆરપી યાદીમાં, ’અનુપમા’ સિરિયલને ૨.૨ ની ટીઆરપી મળી છે. આ ટીઆરપી સાથે, તે ટોચના સ્થાને છે. કોમેડી સિરિયલ ’તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ને ૩૨મા અઠવાડિયાની ટીઆરપી યાદીમાં સ્થાન મળ્યું છે. તેનો ટીઆરપી ૨.૦ રહ્યો છે. ટૂંક સમયમાં આ સિરિયલમાં એક નવો પરિવાર પણ પ્રવેશ કરવા જઈ રહ્યો છે. આ સિરિયલ લગભગ ૧૭ વર્ષથી દર્શકોનું મનોરંજન કરી રહી છે. આમાં, દિલીપ જોશી જેઠાલાલની મુખ્ય ભૂમિકામાં જોવા મળે છે. ’યે રિશ્તા ક્યા કહેલાતા હૈ’ સિરિયલ ત્રીજા નંબરે છે. આ વખતે આ સિરિયલનો ટીઆરપી ૧.૯ છે. ૨૫ વર્ષ પછી, સ્મૃતિ ઈરાનીની સીરિયલ ’ક્યુંકી સાસ ભી કભી બહુ થી ૨’ એ વાપસી કરી છે.

# અત્યાર સુધી ફક્ત એક જ ભારતીય કેપ્ટને ટી૨૦ એશિયા કપનો ખિતાબ જીત્યો છે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૨

ટી૨૦ એશિયા કપની અત્યાર સુધી બે આવૃત્તિઓ યોજાઈ ચૂકી છે. પહેલી વાર વર્ષ ૨૦૧૬ માં અને બીજી વાર વર્ષ ૨૦૨૨ માં. હવે ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ને ધ્યાનમાં રાખીને, એશિયા કપ ફરી એકવાર ટી૨૦ ફોર્મેટમાં રમાવાનો છે અને તેને શરૂ થવામાં થોડો સમય બાકી છે. ભારતીય ટીમ ૧૦ સપ્ટેમ્બરે યુએઈ સામે પોતાનો પહેલો મુકાબલો રમશે.



અત્યાર સુધી ફક્ત એક જ ભારતીય કેપ્ટને ટી૨૦ એશિયા કપનો ખિતાબ જીત્યો છે. ટી૨૦ એશિયા કપ ૨૦૧૬માં ભારતીય ટીમના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની હતા અને તેમની કેપ્ટનશીપ હેઠળ ટીમે ફાઈનલમાં બાંગ્લાદેશને ૮ વિકેટથી હરાવીને ખિતાબ જીત્યો હતો. બાંગ્લાદેશી ટીમે પહેલા બેટિંગ કરતા ૧૨૦ રન બનાવ્યા હતા. ત્યારબાદ ભારત માટે શિખર ધવને ૬૦ રનની ઈનિંગ રમી હતી. તે જ સમયે, વિરાટ કોહલીએ ૪૧ રનનું યોગદાન આપ્યું હતું. મહેન્દ્ર સિંહ ધોની નંબર-૪ પર બેટિંગ કરવા ઉતર્યા હતા અને ૬ બોલમાં ૨૦ રન બનાવ્યા હતા, જેમાં એક ચોગ્ગો અને બે છગ્ગાનો સમાવેશ થતો હતો. ત્યારબાદ ૨૦૨૨માં એશિયા કપ ટી૨૦ ફોર્મેટમાં રમાયો હતો. ત્યારબાદ ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા હતા. તેમની કેપ્ટનશીપ હેઠળ ટીમ ફાઈનલમાં પહોંચી શકી ન હતી. વર્ષ ૨૦૨૨ માં, શ્રીલંકાએ દાસુન શનાકાની કેપ્ટનશીપ હેઠળ ફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને એશિયા કપ ટ્રોફી જીતી હતી.

# પીએમની મુલાકાત બાદ ટૂંક સમયમાં ગુજરાતના મંત્રીમંડળમાં ફેરફાર થાય તેવી સંભાવના

અમદાવાદ,તા.૨૨

ભાજપની કેન્દ્રીય નેતાગીરીએ છત્તીસગઢ અને ગોવામાં મંત્રીમંડળમાં ફેરફારને મંજૂરી આપ્યા બાદ, આગામી દિવસોમાં યુપીમાં ફેરબદલની અટકળો ચાલી રહી છે. એવી ચર્ચા છે કે ગુજરાતમાં પણ મંત્રીમંડળમાં ફેરબદલ અને વિસ્તરણ ટૂંક સમયમાં થઈ શકે છે. પીએમ મોદીની મુલાકાતને ઘણી રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. છત્તીસગઢ પછી, ઉત્તર પ્રદેશના મંત્રીમંડળમાં ફેરબદલની સાથે ગોવામાં પણ મુખ્યમંત્રી પ્રમોદ સાવંતના મંત્રીમંડળમાં ફેરબદલ માટે લીલી ઝંડી મળવાની ચર્ચા છે. બે રાજ્યોમાં થયેલા ફેરફારો પછી, પીએમ નરેન્દ્ર મોદીના ગૃહ રાજ્ય ગુજરાતમાં પણ ફેરબદલની શક્યતા વધી ગઈ છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે ૨૫-૨૬ ઓગસ્ટના રોજ પીએમ મોદીની મુલાકાત પછી ચિત્ર સ્પષ્ટ



થઈ શકે છે. પીએમ નરેન્દ્ર મોદી આગામી અઠવાડિયે અમદાવાદ આવી રહ્યા છે અને અમદાવાદના નિકોલમાં એકસાથે અનેક ભેટો આપવાના છે. તેમની મુલાકાતની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તેઓ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ના લાભાર્થીઓને મકાનોની ચાવીઓ સોંપશે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે લાંબા સમયથી મંત્રી બનવાની આશા રાખતા ધારાસભ્યોની રાહ ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે. ૨૦૨૨ની ચૂંટણીમાં જોરદાર વાપસી કર્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૨ ડિસેમ્બરે ફરીથી શપથ લીધા હતા.

# જાફરાબાદના દરિયામાં લાપતા બનેલા ૧૧ ખલાસીઓમાંથી બેના મૃતદેહ મળ્યા

**કૌશિક વેકરીયા અને અતુલ કાનાણીએ મૃતકના પરિવારજનોને સાંત્વના પાઠવી**

જાફરાબાદ, તા.૨૨

છેલ્લા ત્રણ દિવસથી જાફરાબાદનો દરિયો તોફાની બન્યો છે. જેના કારણે માછીમારો અને ફિશિંગ બોટો પર ભારે જોખમ ઊભું થયું છે. આ પરિસ્થિતિમાં ૩ દિવસ પહેલાં ૩ ફિશિંગ બોટ ડૂબી ગઈ હતી, જેમાં ૧૧ માછીમારો



તસવીર : બાબુભાઈ વાઢેળ

લાપતા બન્યા હતા, જેમને શોધવા માટે કોસ્ટગાર્ડની ટીમ સતત કામ કરી રહી છે. આ વચ્ચે કોસ્ટગાર્ડને બે મૃતદેહો મળી આવ્યા છે. જાફરાબાદ દરિયામાંથી ૩૩ નોટીકલ માઈલ દુર બે મૃતદેહ મળ્યા હોવાના અહેવાલો છે. જાફરાબાદના ૭ માછીમારો અને ગીર સોમનાથના ૪ મળીને કુલ ૧૧ માછીમારો લાપતા થયા હતા. માછીમારોના બે મૃતદેહ મળી આવતા માછીમારોમાં શોક છવાયો છે. પરંતુ ૯ માછીમારો હજુ પણ લાપતા છે. આ લાપતા માછીમારોને શોધવા માટે છેલ્લા ૪૮ કલાકથી કોસ્ટગાર્ડના જહાજ અને હેલિકોપ્ટર દ્વારા સઘન શોધખોળ ચાલી રહી છે. બે માછીમારોના મૃતદેહો મળી આવતા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના આગેવાનોએ મૃતકના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

# મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર હુમલાના કેસમાં આરોપી રાજેશના મિત્રની રાજકોટથી ધરપકડ

રાજકોટ,તા.૨૨

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર હુમલાના કેસમાં એક મોટી અપડેટ આવી છે. વાસ્તવમાં આ કેસની તપાસ કર્યા પછી દિલ્હી પોલીસે મુખ્ય આરોપી અને હુમલાખોર રાજેશ ખીમજીના મિત્રને રાજકોટથી અટકાયતમાં લીધો છે. વાસ્તવમાં, પોલીસને આરોપીના મોબાઈલમાંથી ૧૦ એવા લોકોના નંબર મળ્યા છે જે તેના નિયમિત સંપર્કમાં હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે પોલીસે જે મિત્રની અટકાયત કરી છે તેણે રાજેશને પૈસા ટ્રાન્સફર કર્યા હતા. હવે પોલીસ તેને કસ્ટડીમાં લીધા પછી તેની પૂછપરછ કરી રહી છે અને પૈસા નાખવાનું કારણ શોધી રહી છે. હાલમાં કોર્ટે મુખ્ય આરોપી રાજેશ ખીમજીને પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલ્યો છે. પોલીસ રાજેશ અને તેના મિત્રોની પૂછપરછ કરીને તેમના નિવેદનોની ચકાસણી કરી રહી છે. રાજેશ ખીમજી રાજકોટનો રહેવાસી છે અને તેની ધરપકડ બાદ તેમની માતાએ માનસિક રીતે બીમાર અને કૂતરા પ્રેમી ગણાવ્યો હતો.

# પીએમ નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસ દરમ્યાન ૧,૪૦૦ કરોડથી વધુના રેલવે પ્રોજેક્ટ્સની ભેટ આપશે

અમદાવાદ,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ગુજરાતની મુલાકાતે આવવાના છે, જ્યાં તેઓ ૧,૪૦૦ કરોડથી વધુના વિવિધ રેલવે પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ્સથી ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાઓને લાભ થશે. આ રેલવે પ્રોજેક્ટ્સ રિજનલ કનેક્ટિવિટી, ઔદ્યોગિક વિકાસ, લૉજિસ્ટિક્સ કાર્યક્ષમતા અને રોજગાર સર્જનને પ્રોત્સાહન આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે રેલવે પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે, તેમાં ૫૩૭ કરોડના ખર્ચે તૈયાર થયેલ મહેસાણા-પાલનપુર રેલવે લાઇન (૬૫ કિમી)નું ડબલિંગ, ૩૪૭ કરોડના ખર્ચે કલોલ-કડી-કટોસણ રોડ રેલવે લાઇન (૩૭ કિમી)નું ગેજ કન્વર્ઝન અને ૫૨૦



કરોડના ખર્ચે બેચરાજી-રણુંજ રેલવે લાઇન (૪૦ કિમી)ના ગેજ કન્વર્ઝનનો સમાવેશ થાય છે. આ રેલવે પ્રોજેક્ટ્સ ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓને બ્રૉડગેજ લાઈન દ્વારા સરળ, સલામત અને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરશે. આનાથી દૈનિક મુસાફરો, પ્રવાસીઓ અને વ્યવસાયીકો માટે મુસાફરી સરળ અને ઝડપી બનશે. તે પ્રાદેશિક આર્થિક એકીકરણને પણ પ્રોત્સાહન આપશે. વધારાની લાઈન ક્ષમતાના કારણે અમદાવાદ-દિલ્હી રૂટ પર વધુ ઝડપે ટ્રેનોનું સંચાલન થશે.

# આત્મારામ પટેલની ધોતી ખેંચનાર તત્કાલીન ભાજપ સાંસદને ૨૯વર્ષબાદ નિર્દોષ જાહેર કરતી કોર્ટ

અમદાવાદ,તા.૨૨

૨૯ વર્ષ પછી, શહેરની એક સેશન્સ કોર્ટે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી એ.કે. પટેલ સામેનો ફોજદારી કેસ બંધ કર્યો છે. સરદાર પટેલ સ્ટેડિયમમાં ભાજપના કાર્યક્રમ દરમિયાન ગુજરાતના તત્કાલીન મંત્રી આત્મારામ પટેલની ધોતી ખેંચવાના કેસમાં તત્કાલિન ભાજપ સાંસદ પટેલ સામે સુનાવણી દરમિયાન સરકારી વકીલે કેસ બંધ કરવાની અપીલ કરી હતી. આ કેસમાં ભાજપના અન્ય નેતા મંગળદાસ પટેલ પણ આરોપી હતા. તેમનું અવસાન થયું છે. તે જ સમયે, પીડિત આત્મારામ પટેલનું પણ અવસાન થયું છે. આ કેસ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) હેઠળ નોંધવામાં આવ્યો હતો. તેમના પર ૧૯૯૬માં મંત્રી પર હુમલો કરવાનો અને તેમની ધોતી ખેંચવાનો આરોપ હતો. મંગળદાસ હવે આ દુનિયામાં નથી.

# ભાજપના નેતા જવાહર ચાવડાએ આપ નેતાની જાહેર સભામાં હાજરી આપતા તર્ક વિતર્ક

જૂનાગઢ,તા.૨૨

ગોપાલ ઈટાલિયાની જીતના એક મહિના બાદ ભાજપના નિષ્ક્રીય રહેલા જવાહર ચાવડામાં અચાનક જોમ આવ્યું છે. તેઓએ જૂનાગઢમાં ફરી સભાઓ ભરવાનું શરૂ કરી દીધું છે. થોડા દિવસો પહેલા ભાજપ નેતા અને પૂર્વ મંત્રી જવાહર ચાવડાએ ફરીથી રોજગારનો મુદ્દો ઉપાડ્યો હતો. ત્યારે હવે તેમણે આમ આદમી પાર્ટીના નેતાની



જાહેર સભામાં હાજરી આપી હતી. ત્યારે તેમના આમ આદમી પાર્ટીમાં જવાની ચર્ચાઓ ફરી વહેતી થઈ છે. જૂનાગઢ જિલ્લામાં રાજકારણમાં નવાજુની થવાનાં એંધાણ છે. આમ આદમી પાર્ટીના નેતા પિયુષ પરમારની સભામાં ભાજપના નેતા જવાહર ચાવડા હાજર રહ્યા હતા. આપની સભામાં ભાજપના નેતાની હાજરીથી અનેક વાતો વહેતી થઈ છે. અમરાપુર બેઠકનાં આકાળા અને વિરડી ગામે આપની સભામાં જવાહર ચાવડા હાજર રહ્યા હતા. હાલ આમ આદમી પાર્ટીના આગેવાનો સાથે જવાહર ચાવડાની બેઠકનાં ફોટાઓ વાયરલ થયા છે. જવાહર ચાવડા અચાનક પિક્ચરમાં આવતા રાજકારણમાં ગરમાગરમ ચર્ચા જામી છે.

# બાલાસિનોર પ્રાથમિક શાળામાં ધો. ૮ના વિદ્યાર્થીએ સહપાઠીને પેટમાં છરીના ઘા ઝીંક્યા

મહીસાગર,તા.૨૨

મહીસાગર જિલ્લાના બાલાસિનોર નગરમાં આવેલી તળાવ દરવાજા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ એકબીજા પર હુમલો કર્યાની ઘટના સામે આવી છે. ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થી પર ચપ્પુ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી છે. શાળા છૂટ્યા બાદ આ ઘટના બની હતી, જેમાં ૮મા ધોરણમાં ભણતા વિદ્યાર્થીએ તેના જ સહપાઠીને ચપ્પુના ઘા માર્યા હતા. સદનસીબે, અમદાવાદ જેવી મોટી દુર્ઘટના થતાં રહી ગઈ અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત બાળકના પિતાએ જણાવ્યું કે, "શાળામાં બાળકો વચ્ચે સામાન્ય ઝઘડો થયો હતો. આ ઝઘડામાં બીજા બાળકે



મારા બાળકને છરી મારી." તેમણે વધુમાં જણાવ્યું કે, "મારા બાળકને ડાબા ખભાથી નીચે સુધી પાંચ જેટલા ઘા મારવામાં આવ્યા છે. બંને બાળકો વચ્ચે શું કારણ હતું તે જાણી શકાયું નથી, પરંતુ અંદરોઅંદરના ઝઘડાને કારણે આ મારામારી થઈ હતી." ઈજાગ્રસ્ત બાળકના પિતાએ આ ઘટના અંગે બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જ્યારે તેમને શાળાના શિક્ષકે ફોન કર્યો ત્યારે તેમને કહેવામાં આવ્યું કે બાળકને કંઈક વાગ્યું છે.

# રાજ્યની તમામ આંગણવાડીઓને પોતાના મકાન ઉપલબ્ધ કરાવવા સરકારે નિર્ણય કર્યો

ગાંધીનગર,તા.૨૨

આંગણવાડી એ નાના બાળકો માટે માત્ર ભણતરનું કેન્દ્ર જ નહિ, પરંતુ તેમના શૈક્ષણિક, શારીરિક અને માનસિક વિકાસનું પ્રથમ પગથીયું છે. ગુજરાતના તમામ આંગણવાડી કેન્દ્રોમાં શ્રેષ્ઠ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ઉપરાંત આંગણવાડીમાં આવલા ભૂલકાઓને સ્વચ્છ અને પારિવારિક વાતાવરણ, પૌષ્ટિક આહાર તથા ગમ્મત સાથે જ્ઞાન આપવું તે રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર છે. ગુજરાતની તમામ તમામ આંગણવાડીઓને સંપૂર્ણ સુવિધા સાથેના પોતાના મકાન ઉપલબ્ધ કરાવવાની દિશામાં રાજ્ય સરકારે ઐતિહાસિક પ્રગતિ કરી છે. છેલ્લા ત્રણ મહિના દરમિયાન જ રાજ્યમાં કુલ ૮૬૨ આંગણવાડીના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા છે. આ સંદર્ભે મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, બાળકોના સર્વાંગી વિકાસ માટે હરહંમેશ પ્રયત્નશીલ ગુજરાત સરકાર દ્વારા માત્ર ત્રણ મહિનાના સમયગાળામાં જ ૫૦૫ જેટલા નવા આંગણવાડી કેન્દ્રોના ખાતમુહૂર્ત અને ૩૫૭ નવા આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ સંપન્ન કરવામાં આવ્યાં છે.

# ગાંધીધામમાં સ્પાની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ કરતી પોલીસ

ભુજ,તા.૨૨

ગાંધીધામ શહેરની ગ્રીન પેલેસ હોટલની સામે પ્લોટ નંબર ૧૬૮ ના બીજા માળે આવેલ ફસ્ટ નામના સ્પામાં પોલીસે કાર્યવાહી કરી હતી. અહીં સ્પાની આડમાં મહિલાઓ પાસેથી અનૈતિક ધંધા કરાવાતા હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસે ડમી ગ્રાહક મોકલ્યો હતો. બાદમાં અહીં છાપો મારવામાં આવ્યો હતો. આ કૂટણખાનામાં મેનેજર તરીકે કામ કરનાર રૂબિના ઉર્ફે ડોલી અબ્દુલ સતાર અન્સારીને ઝડપી લેવામાં આવી હતી. આ સ્પાનો સંચાલક શશીત્રિશંકુ કુમાર સિંગ સચ્ચિદાનંદ સિંગ નામનો શખ્સ અહીં હાજર મળ્યો ન હતો. સંચાલક અને મેનેજર બહારથી મહિલાઓ અહીં લઈ આવી સ્પાની આડમાં દુકાનમાં મસાજ કરાવવાના બહાને ગ્રાહકો બોલાવી કૂટણખાનું ચલાવતા હતા. અહીંથી પોલીસે રોકડ રકમ, સીસીટીવીનું ડીવીઆર વગેરે મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# પોપટ સોરઠીયા હત્યા કેસમાં અનિરુદ્ધસિંહ રીબડાને એક મહિનામાં સરેન્ડર કરવા હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ,તા.૨૨

રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાની મુશ્કેલીમાં વધારો થયો છે. એક મહિનામાં સરેન્ડર કરવા ગુજરાત હાઈકોર્ટે આદેશ આપ્યો છે. પોપટ સોરઠીયા હત્યા કેસમાં આજીવન કેદની સજામાં માફીની અરજી પણ હાઈકોર્ટે ફગાવી છે. રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજા કાયદાના સકંજામાં આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે પૂર્વ ધારાસભ્ય પોપટ



સોરઠીયા હત્યા કેસમાં એક મહત્વનો આદેશ આપ્યો છે. પોપટ સોરઠીયા હત્યા કેસમાં ૪ અઠવાડિયામાં સરેન્ડર કરવા હાઈકોર્ટે આદેશ આપ્યો છે. એટલું જ નહિ, અનિરુદ્ધસિંહે રોજેરોજ હાજરી પુરવવાની રહેશે. તેમજ પાસપોર્ટ પણ જમા કરાવવાનો રહેશે. તા. ૧૫ ઓગસ્ટ ૧૯૮૮ ના રોજ ધ્વજવંદન કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ સોરઠીયાની ગોળી મારીને જાહેરમાં હત્યા કરવાના ગુનામાં આજીવન કેદની સજા પામેલા અનિરુદ્ધસિંહ જાડેજાને વર્ષ ૨૦૧૮માં સજા માફી આપીને મુક્ત કરવામાં આવ્યા હતા.

# આણંદમાંથી રૂ. ૧૬ લાખના મેફેડ્રોનના જથ્થા સાથે એક આરોપી ઝડપાયો

આણંદ,તા.૨૨

સ્ટેટ મોનિટરીંગ સેલના અધિકારીઓએ આણંદમાંથી એક શખ્સની ધરપકડ કરીને તેની પાસેથી રૂ.૨,૧૬,૦૦૦નો મેફેડ્રોનનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે મેફેડ્રોનનો જથ્થો તથા વાહન, રોકડ રકમ અને મોબાઈલ મળીને કુલ રૂ. ૭,૪૧,૩૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં બે આરોપી ફરાર થઈ ગયા હતા જેમની પોલીસ શોધ ચલાવી રહી છે. SMCનાં અધિકારીઓને માહિતી મળી હતી કે આણંદના વાસદ નેશનલ હાઈવે નંબર-૪૮ પરના વાસદ ટોલ પ્લાઝા પરથી એક શખ્સ નશીલા પદાર્થના જથ્થા સાથે પસાર થવાનો છે. જેને આધારે પોલીસે અહી જાળ બિછાવી હતી. જેમાં પોલીસે વાહનમાં જઈ રહેલા શખ્સને અટકાવીને તપાસ કરતા વાહનમાંથી રૂ. રૂ.૨,૧૬,૦૦૦ની કિંમતનો ૨૧.૬૦૦ ગ્રામ મેફેડ્રોનનો જથ્થો મળી આવ્યો હતો. પૂછપરછમાં આ શખ્સે તેનું નામ નિમ્બાર્ક વૈભવ કિશોરભાઈ તથા તે રાજકોટનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. તેણે અન્ય બે શખ્સોના નામ પોલીસને જણાવ્યા હતા.

# હાઈકોર્ટમાં સરકારની બાંહેધરી : રાજ્યમાં ટ્રાફિક પોલીસની સીધી ભરતી કરવામાં આવશે

અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં ટ્રાફિક પોલીસની સીધી ભરતી સંદર્ભે મોટા સમાચાર સામે આવ્યા છે. જેને પગલે અમદાવાદને ૨૦૦ ટ્રાફિક કોન્સ્ટેબલ મળશે. હાઈકોર્ટમાં સુઓમોટો અરજીની સુનાવણી દરમિયાન સરકારે આ બાંહેધરી આપી હતી. ગુજરાત હાઈકોર્ટ દ્વારા અમદાવાદમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા, અકસ્માતો ઘટાડવા અને ટ્રાફિક નિયમોના પાલન અંગે ચીફ જજની બેંચ દ્વારા સુઓમોટો અરજી લેવામાં આવી હતી. જેની સુનાવણી દરમિયાન સરકારી વકીલે જણાવ્યું હતું કે સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા રાજ્યમાં ૧૩૧૫ ટ્રાફિક કર્મચારીની જરૂર હોવાનું જણાવ્યું છે. આગામી સમયમાં આ જગ્યાઓ ઉપર સીધી ભરતી કરાશે. આ અંગેની જાહેરાત બહાર પાડવામાં આવશે. ૧૩૧૫માંથી અમદાવાદમાં ૨૦૦ ટ્રાફિક કોન્સ્ટેબલ ફાળવવામાં આવશે. બીજી તરફ પોલીસની જગ્યાઓને લઈને આગામી ૧૫ વર્ષ માટે થર્ડ પાર્ટી એક્સપર્ટ સલાહ લેવાઈ રહી છે.




